આંક :–____

દાખલ તારીખ : ૦૪–૧૦–૨૦૦૮
રજી. તારીખ : ૦૪–૧૦–૨૦૦૮
ફેસલ તારીખ : ૨૭–૦૩–૨૦૨૬
અવધિ : વર્ષ માસ દિવસ
૧૭ ૦૫ ૨૩

જુનાગઢના મહે.બીજા અધિક સિનિયર સિવિલ જજ સાહેબની
અદાલત સમક્ષ, મુકામ – જુનાગઢ.

<u>રેગ્યુલર દિવાની મુકદ્દમા નંબર : ૧૭૨/૨૦૧૫</u>

(૧) દેવરાજભાઈ મોહનભાઈ મોણપરા,
ઉ.વ.આ. : ૪૦, ધંધો : ખેતી,
(૨) મનસુખ મોહનભાઈ મોણપરા,
ઉ.વ.આ. : ૩૫, ધંધો : ખેતી,
(૩) અરવિંદ મોહનભાઈ મોણપરા,
ઉ.વ.આ. : ૨૫, ધંધો : ખેતી,
બધા રહે.–બગડુ, તા./જી.જુનાગઢ. **<u>– વાદીઓ.</u>**

<u>વિરૂધ્ધ</u>

(૧) <u>ગુજ.ખીમા રત્નાભાઈ મોણપરા ચાલુ કામે ગુજરી જતાં તેના વારસદારો :–</u>
(૧) રવજીભાઈ ખીમાભાઈ મોણપરા,**(ડીલીટ)**
(૨) પરષોતમ ખીમાભાઈ મોણપરા,**(ડીલીટ)**
(૩) પાર્વતીબેન ખીમાભાઈ મોણપરા,
C/o કેશુભાઈ નરસીભાઈ રાણોલીયા,

ઉ.વ.આ. : ૫૦, ધંધો : ઘરકામ,
રહે.દાત્રાણા, તા.મેંદરડા.

(૪) ધીરીબેન ખીમાભાઈ મોણપરા,
c/o પરષોતમભાઈ ખીમજીભાઈ ડોબરીયા,
ઉ.વ.આ. : ૪૭, ધંધો : ઘરકામ,
રહે.આણંદપુર, તા./જી.જુનાગઢ.

(૫) મંજુલાબેન ખીમાભાઈ મોણપરા,
c/o મનુભાઈ વજુભાઈ દોમડીયા,
ઉ.વ.આ. : ૩૭, ધંધો : ઘરકામ,
રહે.સરગવાડા, તા./જી.જુનાગઢ.

(૨) **ગુજ.અમિત રણછોડ કરકરનાં વારસો :-**

(૧) ભાનુમતીબેન અમિતભાઈ,
ઉ.વ.આ. : ૫૨, ધંધો : ઘરકામ,

(૨) પાયલ અમિતભાઈ કરકર,
ઉ.વ.આ. : ૨૨, ધંધો : ઘરકામ,

(૩) યશ અમિતભાઈ કરકર,
ઉ.વ.આ. : ૨૦, ધંધો : અભ્યાસ,
ઠે. બી-૧૦૨, મીરા એવન્યુ,
સરથાણા જકાત નાકા,
મુ.સુરત. **- પ્રતિવાદીઓ.**

બાબત : ખેતીની જમીનનો કબજો મળવા તથા કાયમી મનાઈહુકમ મળવા અંગે.

એપીયરન્સ

ધારાશાસ્ત્રી :	વાદી તરફે વિધ્વાન વકીલ શ્રી સી.બી. સોનીગરા.
	પ્રતિવાદી નં.૧ તરફે વિધ્વાન વકીલશ્રી આર.બી. ચૌહાણ. પ્રતિવાદી નં.૨ તરફે વિધ્વાન વકીલશ્રી જે.વી. પતાણી

-:: ઠ રા વ ::-

(૧) આ કામે વાદીની દાવા અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામનાં

વાદીઓ ગુજરનાર મોહન રત્નાભાઈનાં પુત્રો છે અને બગડુ ગામે રહી ખેતી કરે છે. વાદીઓના દાદા ગુજ. રત્ના લીંબાભાઈને મોજે બગડુ ગામે ખેતીની જમીન સરવે નં. –૬૬, ૩૮૯, ૫૦૨/૧ તથા ૩૯૧ એમ કુલ જમીન એકર ૨૫–૧૧ ગુંઠા જમીન કબજા હકકે મળેલ હતી. જેની પ્રમોલગેશન નોંધ ૧૦ થી મંજુર થયેલ તથા વાદીઓના દાદા ગુજ.રત્ના લીંબાભાઈએ તેમની હયાતીમાં તેના ચાર પુત્રો (૧) મોહનભાઈ (૨) લવાભાઈ (૩) ખીમાભાઈ (પ્રતિ.નં.–૧) (૪) મુળજીભાઈ એમ ચાર પુત્રો વચ્ચે સદરહુ કબજા હકકે મળેલ જમીનની તેના ઉપરોકત પુત્રો ઘરમેળે વહેંચણ કરી આપેલ અને મોહનભાઈ રત્નાભાઈ (વાદીનાં પિતા) નાં ભાગે સરવે નં.–૬૬ પૈકી એકર ૪–૩૨ ગુંઠા તથા સરવે નં.–૩૯૧ એકર ૧–૩૨ ગુંઠા તથા લવા રત્નાભાઈનાં ભાગે સરવે નં.–૬૬ પૈકી એકર ૫–૦૦ ગુંઠા તથા ખીમાભાઈ અને મુળજીભાઈનાં સંયુકત ભાગે સરવે નં.–૩૮૯ એકર ૨–૦૫ ગુંઠા, સરવે નં.–૫૦૨/૧ એકર ૦–૧૬ ગુંઠા, સરવે નં.–૬૬ પૈકી એકર ૧૧–૩૮ ગુંઠા જમીન આવેલ જે ભાયાભાગની વહેંચણ ની નોંધ ૫૦૦ થી મહેસુલી દફતરે થયેલ છે. ત્યારબાદ વાદીઓના પિતા મોહનભાઈ સને ૧૯૭૩ ના અરસામાં ગુજરી જતાં વાદીઓ અને તેમની બહેનો તથા માતુશ્રીનાં નામ મહેસુલી દફતરે નોંધ ૧૦૯૮ થી વારસાઈ નોંધ મંજુર થયેલ છે. ત્યારબાદ નોંધ નં.૧૦૯૮ ના સંયુકત નામમાંથી તેમની ત્રણ બહેનોએ રાજીખુશીથી તેનો હકક હિસ્સો ઉઠાવી લેતાં સદરહુ જમીન સરવે નં.–૬૬ એકર ૪–૩૨ ગુંઠા (જેમા ૩૨ ગુંઠા ખરાબો છે) તથા સરવે નં.–૩૯૬ એકર ૧–૩૨ ગુંઠા એમ કુલ જમીનમાં વાદીઓ તથા તેમના માતુશ્રી રામુબેનનું નામ ચાલુ રહેલ. જેની મહેસુલી દફતરે નોંધ ૧૬૩૬ થી મંજુર થયેલ છે. ત્યારબાદ ગુજ.મોહન રત્નાભાઈનાં વારસો વચ્ચે ઘરમેળે સદરહુ જમીનની વહેંચણ થયેલ અને તે મુજબ વાદીઓના હિસ્સામાં સરવે નં.

–૬૬ પૈકી એકર ૪–૩૨ ગુંઠા (જેમા ઘર ગુંઠા ખરાબો છે) આવેલ તથા તેમના માતુશ્રી નાં હિસ્સામાં સરવે નં.–૩૯૧ ની જમીન આવેલ તેની નોંધ ૧૬૩૮ થી મંજુર થયેલ છે. આમ, વાદીઓની માલિકીની સંયુકત જમીન સરવે નં.–૬૬ પૈકી એકર ૪–૩૨ ગુંઠા સંયુકત રીતે આવેલ છે અને સંયુકત રીતે માલિક દરજજે કબજાભોગવટામાં છે. વધુમાં વાદી જણાવે છે કે, સદરહુ તેમની માલિકીની જમીન સરવે નં.–૬૬ પૈકી એકર ૪–૩૨ ગુંઠા શંકુ આકારની છે અને તેની દક્ષિણે પ્રતિ.નં.–૧ તથા મુળજી રત્નાભાઈની આજ સરવે નંબરથી જમીન આવેલ છે. સદરહુ જમીન એકર ૪–૩૨ ગુંઠાની ચતુ:સીમા પૂર્વે : ગાડામાર્ગ બાદ લાગુ સ.નં.૧૦૦, પશ્ચિમે : મેંદરડાનો રસ્તો, ઉતરે :મેંદરડાનો જુનો રસ્તો, દક્ષિણે : સ.નં.૬૬ પૈકીની જમીન છે. સદર ચતુ:સીમાની અંદરની જમીન સરવે નં.–૬૬ પૈકી એકર ૪–૩૨ ગુંઠા કુલ ક્ષેત્રફળ છે. વધુમાં વાદી જણાવે છે કે, પ્રતિ.નં.–૧ તથા મુળજી રત્નાભાઈનાં નામે નોંધ ૧૦૭ મુજબ સરવે નં .–૬૬ પૈકી એકર ૧૧–૦૬ ગુંઠા બંનેને સંયુકત રીતે ભાયાભાગે આવેલ અને આ બાદ પ્રતિ.નં.–૧ તથા મુળજીભાઈ ઘરમેળે વહેંચણ થી જુદા થતાં પ્રતિ.નં.–૧ નાં ભાગે સરવે નં.–૬૬ પૈકી એકર ૫–૨૪ ગુંઠા તથા મુળજીભાઈનાં ભાગે સરવે નં.–૬૬ પૈકી એકર ૫–૨૨ ગુંઠા જમીન આવેલ. સદરહુ બંનેની જમીન સરવે નં.–૬૬ પૈકી તેમની જમીન સરવે નં.–૬૬ પૈકીની દક્ષિણે આવેલ છે તથા પ્રતિ.નં.–૧ તથા મુળજીભાઈએ તેના સંયુકત હિસ્સાની જમીન સરવે નં.–૬૬ પૈકીનાં ઉતર દક્ષિણ હિસ્સા પડેલ છે અને પ્રતિ.નં.–૧ નાં હિસ્સામાં આવેલ જમીનમાં વાદીની જમીન ત્રણ વીઘા પૂર્વ દક્ષિણ તરફ આવેલ છે અને પૂર્વે વોકળામાં તેમની અમૂક જમીન છુટી ગયેલ છે. વધુમાં પ્રતિવાદી જણાવે છે કે, ઉપરોકત સ્થિતિની જાણ તેઓને સને ૨૦૦૫ માં થતાં વાદીએ સરકારી સર્વેયર મારફત તેમની માલિકીની જમીન સરવે નં.–૬૬ પૈકી ૫

એકર ૪–૩૨ ગુંઠા (હેકટર ૧–૯૪–૨૫) ની જ માપણી કરાવેલ અને તેના આધારે હિસ્સા ફોર્મ–૪ તૈયાર થયેલ અને સ્થાનિકે તેમનો કબજો હેકટર ૧–૪૩–૬૬ ચો.મી. રેકર્ડ ઉપર આવેલ છે. એટલે કે એકર ૩–૨૦ ગુંઠા રેકર્ડ ઉપર આવેલ છે. જયારે તેમના ભાગે ઉતરોતર એકર ૪–૩૨ ગુંઠા જમીન માલિક દરજજે વારસાઈ રીતે પ્રથમથી જ કબજામાં હતી, પરંતુ પ્રતિ.નં.–૧ કુટુંબમાં મોટા હોય જેનો ગેરલાભ લઈ વાદી દસ્તાવેજ ૨૪૫૪ થી વેચાણ આપી કબજો સોંપી આપેલ છે, પરંતુ દસ્તાવેજ એકર ૫–૩૬ ગુંઠા (હેકટર ૨–૨૬–૬૩) નું કરાવેલ છે, જયારે કબજો પ્રતિ.નં.–૨ ને એકર ૧–૦૯ ગુંઠાનો વધારે મળેલ છે. એટલે કે પ્રતિ.નં.–૨ પાસે સરવે નં.–૬૬ પૈકીની જમીન એકર ૬–૩૫ ગુંઠા ઉપરાંતનો કબજો છે. જયારે દસ્તાવેજ આધારીત નોંધ પ્રતિ. નં.–૨ ના નામે માત્ર એકર ૫–૨૬ ગુંઠા (હેકટર ૨–૨૬–૨૩) પૂરતી જ મંજુર થયેલ છે. આમ પ્રતિ.નં.–૨ જોગનું દસ્તાવેજની હકીકતો ખરી છે, પરંતુ વિશેષ ક્ષેત્રફળનો કબજો મેળવેલ છે. જે વિશેષ જમીન એકર ૧–૦૯ ગુંઠા તેમની માલિકીની છે જે તેમની જમીનની દક્ષિણ પૂર્વે આવેલ છે. જેનું ક્ષેત્રફળ એકર ૧–૦૯ ગુંઠા જેટલું વધારાનું છે, જેનો કબજો રાખવા પ્રતિ.નં.–૧ હકકદાર ઠરતા નથી. ઉપરોકત સ્થિતિ પ્રતિવાદીઓ બંને સારી રીતે જાણે છે, તેમછતાં પ્રતિ.નં.–૨ નાએ તેમની માલિકીની જમીન એકર ૧–૦૯ ગુંઠા ઉપર ટાઈટલ ધરાવતા ન હોવા છતાં ગેરકાયદેસર કબજો ધરાવે છે. જે મેળવવા દાવા સિવાય અન્ય કોઈ રેમેડી નથી. વધુમાં વાદી જણાવે છે કે, આ દાવાનું કારણ તા.૧૮–૨–૨૦૦૫ નાં રોજથી તેઓએ તેમની જમીનની માપણી કરાવતા અને હિસ્સા ફોર્મ–૪ મુજબ સ્થાનિકે તેમનો કબજો હેકટર ૧–૪૦–૬૬ પૂરતો જ રેકર્ડ ઉપર આવેલ ત્યારથી તેઓને વ્યકિતગત જાણ થતાં રોજબરોજ સદર દાવાનું કારણ ઉત્પન્ન થયેલ છે. જેને મુદ્દતનો બાધ નથી તેમ જણાવી એવી દાદ માંગેલ છે કે,

પ્રતિ.નં.–ર નાં તેની માલિકીની જમીન સરવે નં.–૬૬ પૈકી હેકટર ર–ર૬–ર૩ પૂરતું જ ક્ષેત્રફળ ધરાવવા હકકદાર છે તેમ ઠરાવી આપવા, તેમજ પ્રતિ. નં.–ર નાં ગેરકાયદે કબજામાં રહેલ જમીન સરવે નં.–૬૬ પૈકી એકર ૧–૦૯ ગુંઠા જમીન કે જે પ્રતિ.નં.–ર ની જમીનની ઉતર પૂર્વે આવેલ છે તેનો શાંત અને પ્રત્યક્ષ કબજો તેઓને સોંપી આપે તેવું ઠરાવી આપવા, તેમજ પ્રતિ.નં.–ર નાં તેની માલિકીની જમીન સરવે નં.–૬૬ પૈકી/૩ હેકટર ર–ર૬–૬૩ સિવાય તેમની માલિકીની જમીન એકર ૧–૦૯ ગુંઠા અન્ય કોઈને વેચાણ, ગીરો વિગેરે કરે–કરાવે નહીં કે અન્યોને કબજો સોંપે નહીં તેવો કાયમી મનાઈહુકમ આપવા, તેમજ કાયદા તથા હકીકતોથી મળી શકતી તમામ દાદ સહિતનું દાવાનું ખર્ચ અપાવવા અરજ કરેલ છે.

(ર) વાદીના હાલના દાવા સબબ પ્રતિવાદીઓને સમન્સ–નોટીસ ઈસ્યુ કરવામાં આવેલા, જે બજી જતાં પ્રતિ.નં.–૧ તરફે આંક–૧૪ થી તથા પ્રતિ.નં.–ર તરફે આંક–૧૯, ૬૧ અને ૯૩ તેમના વાંધા જવાબ રજુ કરેલા છે જે ધ્યાને લેવામાં આવે તો તે નીચે મુજબ છે :–

(ર.૧) પ્રતિ.નં.–૧ નાએ તેમના આંક–૧૪ નાં દાવાના જવાબમાં વાદીનાં દાવાની મહદઅંશે હકીકતોનો ઈન્કાર કરી વધુમાં જણાવેલ છે કે, વાદીઓ કલીન હેન્ડથી આવેલા નથી. વાદીએ નામદાર કોર્ટ સમક્ષ ખરી હકીકતો છુપાવી માત્ર તેમની પાસેથી જમીન પડાવી લેવાના આશયથી તેમની સામે ખોટો દાવો કરેલ છે. વાદીનાં દાવાને ડીલે, લેચીઝ અને એકવીયન્સીઝનો બાધ નડે છે. વધુમાં પ્રતિવાદી જણાવે છે કે, તેઓ પાસે જુનાગઢ જીલ્લાના તાલુકા જુનાગઢનાં બગડુ ગામના રેવન્યુ સરવે નં.–૬૬ પૈકીની જમીનનો કબજો સને ૧૯૮૬ ની સાલથી તેમની પાસે છે

અને સને ૧૯૭૭ પહેલા ૧૯૭૭ માં તેમના વડીલોની હાજરીમાં સમાધાનથી ઘરમેળે સમજુતીથી તા.૩–૧૦–૧૯૫૯ માં ભાઈઓભાગની જમીનની વહેંચણી થયેલ અને તેમના ભાગે સરવે નં.–૬૬ પૈકીની જમીન એકર ૫–૨૪ ગુંઠા જમીન તથા ખરાબો કે જે વાદી કહે છે તે વીઘો–૧ અને ૦૯ ગુંઠાનો કબજો પ્રતિ.નં.–૧ પાસેથી એટલે કે ત્રીસેક વર્ષથી વાદગ્રસ્ત જમીનનો કબજો પ્રતિ.નં.–૧ પાસે છે અને તે ખરાબાની જમીન છે તેમાં બાવળની વાળ તથા ઝાડો વાવેલા છે અને ત્રીસ વર્ષ ઉપરાંતનાં સમય સુધી વાદીઓ સૂતા રહે છે અને લાંબા સમય પછી જે દાદ મળી શકે નહીં. ''કાનુન માત્ર જાગૃત ને જ મદદ કરે છે નહીં કે સુતેલાને''. વધુમાં પ્રતિવાદી જણાવે છે કે, વાદગ્રસ્ત સરવે નં. –૬૬ પૈકી દાવાની ખરાબાની ૦–૩૨ ગુંઠાના એડવર્સ પઝેસનથી માલિક બનેલા છે અને તે જમીન પ્રતિ.નં.–૧ નો કબજો છે તે વાદીઓ પાસેથી જાણતા હોવા છતાં આ અગાઉ તેમની કયારેય જમીનની માંગણી પણ કરેલ નથી. વધુમાં પ્રતિવાદી જણાવે છે કે, વાદીઓના પિતાશ્રીની હયાતીમાં કે ત્યાર પછી આ સરવે નં.–૬૬ પૈકીની ખરાબાની જમીનની એન્ટ્રી સને–૧૯૮૬ ની સાલમાં એટલે કે તા.૨૭–૩–૮૬ નાં રોજ વાદીઓના પિતાના નામે એન્ટ્રી નં.૧૬૩૮ તેમની ગેરહાજરીમાં ચડાવી લીધેલ છે અને ત્યારે તેઓને કોઈપણ જાતની જાણ કર્યા વગર કે રોજકામ કર્યા વગર કે ૧૩૫ ડી ની નોટીસ બજાવ્યા વગર, રેવન્યુ ખાતામાં ચેનકેન પ્રકારને વાદીઓનાં પિતાએ આ ખરાબાવાળી એકર ૦–૩૨ ગુંઠાવાળી જમીનની એન્ટ્રી પડાવ્યા પછી પણ આજસુધી એટલે કે બાવીસ વર્ષ સુધી વાદીઓ સૂતા રહે અને ત્યાં સુધી તેઓને આ એન્ટ્રી અંગેની કોઈ જાણ થયેલ નથી. જેથી વાદીના દાવાને પ્રથમ દર્શને મુદતનો બાધ નડે છે. તેઓ આ ખરાબાવાળી જમીનનો ત્રીસ વર્ષ ઉપરાંતના સમયથી કબજો ઉપયોગ, ઉપભોગ કરે છે જે વાદીઓની જાણ વચ્ચે વાદીના પિતાની સંમતિથી કબજો છે. જેથી એડવર્સ

પઝેસનથી પણ તેઓ જમીનનાં માલિક બનેલા હોય વાદીઓ પ્રતિ.નં.–૧ પાસેથી સદર જમીનનો કબજો મેળવવા હકકદાર નથી અને તેઓ આ જમીન કોઈને વેચાણ કે ગીરો કે બક્ષીસ કરેલ નથી. વધુમાં પ્રતિવાદી જણાવે છે કે, તેઓએ સરવે નં.–૬૬ પૈકીની જમીન એકર ૫–૨૪ ગુંઠાનું વેચાણ પ્રતિ.નં.–૨ ને કરી આપેલ છે અને તેઓનો તે જમીન ઉપર કબજો છે અને તે અંગે તેના નામની રેવન્યુ ખાતામાં વેચાણ દસ્તાવેજને આધારે નોંધો પણ પડી ગયેલ છે. આ કામમાં તેમના બીજા ભાઈઓ પણ જરુરી પક્ષકાર હોય તેઓને જોડેલા ન હોય વાદીના દાવાને મીસ જોઈન્ડર ઓફ પાર્ટીઝ નો બાધ નડે છે. વાદીઓને સને–૨૦૦૫ માં સર્વેયર મારફત માપણી કરાવ્યાનું હિસ્સા ફોર્મ તૈયાર થયેલ અને તે સમયે વાદગ્રસ્ત જમીન એકર ૧–૦૯ ગુંઠા ખરાબાની જમીન દક્ષિણ પૂર્વે અને તેનો કબજો મેળવવા વાદીઓ હકકદાર હોવાનું ખરુ નથી. ખરી હકીકતે ત્રણ દાયકા ઉપરાંતથી આ ખરાબાવાળી એકર ૧–૦૯ ગુંઠા જમીનનો કબજો પ્રતિ. નં. –૧ નો હોય અને એડવર્સ પઝેસનથી તેઓ માલિક બનેલા હોય જેથી આ દાવાવાળ સરવે નં.–૬૬ પૈકીની ખરાબાની જમીન એકર ૦–૩૨ ગુંઠા પ્રત્યે કોઈ હકક કે અધિકાર નથી તેવું ઠરાવી વાદીઓનો દાવો ખર્ચસહિત રદ કરવા અરજ ગુજારેલ છે.

(૨.૨) પ્રતિ.નં.–૨ નાએ તેમના આંક–૧૯ નાં દાવાના જવાબમાં વાદીનાં દાવાની મહદઅંશે હકીકતોનો ઈન્કાર કરી વધુમાં જણાવેલ છે કે, પ્રતિ.નં.–૧ સાથેના વ્યકિતગત મનદુ:ખનાં કારણે વાદીઓએ પ્રતિ.નં.–૨ સામે ખોટો દાવો કરેલો છે. વાદીના દાવાને સ્પષ્ટ રીતે મુદ્દતનો બાધ નડે છે. પ્રતિ.નં.–૨ તે શુધ્ધબુધ્ધિનાં બોનાફાઈડ પર્ચેઝર છે અને તેઓએ રજી.વેચાણ દસ્તાવેજ નં.–૨૪૫૪ થી તા.૨–૧૧–૨૦૦૬ થી જમીન હે. ૨–૨૬–૬૩ ખરીદ કરેલ છે તેની રેવન્યુ હકકપત્રકમાં નોંધ થયેલ છે અને તેના કબજાભોગવટામાં સરવે નં.–૬૬ પૈકી ૩ હે.૨–૨૬–૬૩ ની જમીન

છે અને તે સિવાય વધારાની જમીનનો કોઈ કબજો તેઓ પાસે છે નહીં કે તેઓ રાખવા માંગતા નથી. વાદી ધારે તો નામ.અદાલતમાં અરજી આપી ડી.આઈ.એલ.આર.નાં સર્વેયર મારફત માપણી કરી વધારાની કોઈ જમીન હોય તેનો કબજો વાદીઓ કે પ્રતિ.નં.–૧ રાખી શકે છે. વધુમાં પ્રતિવાદી જણાવે છે કે, અત્યાર સુધીનાં રેવન્યુ રેકર્ડ જોતાં હવે હે.આરે.ચો.મી.નું માપ આવતું હોય છે જયારે વાદીઓએ જેના એકર ગુંઠાનું માપ લખેલ છે જે કાયદા મુજબ ચાલી શકે નહીં. વધુમાં પ્રતિવાદી જણાવે છે કે, પ્રતિ.નં.–૧ નાએ જે દાવા જવાબ રજુ કરેલ છે તેને તેઓ કાયદાના મુદ્દા પૂરતો એડોપ્ટ કરે છે. જેથી લીમીટેશન, એડવર્સ પઝેસન, નોન જોઈન્ડર ઓફ પ્રોપર પાર્ટીઝ, હકુમત, કોર્ટ ફી સ્ટેમ્પ તથા અન્ય કાયદાકીય મુદ્દા બાબતે જવાબને એડોપ્ટ કરે છે. જેથી વાદીઓએ પ્રતિ.નં.–૨ ને કોઈપણ જાતના કારણ વિના ખોટી રીતે પક્ષકાર તરીકે જોડી લીટીગેશન ખર્ચમાં ઉતારેલ છે. જેથી વાદીઓનો દાવો ખર્ચસહિત રદ કરી પ્રતિ.નં.–૨ ને સી.પી.સી. કલમ–૩૫ તથા ૩૫(એ) મુજબ સ્પે.કોસ્ટ અપાવવા હુકમ કરવા અરજ કરેલ છે.

પ્રતિ.નં.–૨ ના વારસદારો તરફે આંક–૬૧ થી સુધારેલ દાવા અરજીનાં જવાબમાં વાદીનાં દાવાની મહદઅંશે હકીકતોનો ઈન્કાર કરી વધુમાં જણાવેલ છે કે, વાદીએ દાવા અરજી પેરા–૮(અ) માં ''પ્રતિ.નં.–૨ નાં તેની માલિકી જમીન સરવે નં. –૬૬ પૈકી હેકટર ૨–૨૬–૬૩ પૂરતું જ ક્ષેત્રફળ ધરાવવા હકકદાર છે તેમ ઠરાવી આપવા''જે દાદ માંગેલ છે તે જોવામાં આવે તો વાદીએ તેના પોતાના માટે કોઈ વિજ્ઞાપન માંગેલ નથી, પરંતુ પ્રતિવાદી માટે દાદ માંગેલ છે અને કાયદાની માન્ય જોગવાઈ મુજબ વાદી પ્રતિવાદી માટે નકરાત્મક હુકમનામા માટે દાદ માંગી શકે નહીં. વધુમાં પ્રતિવાદી જણાવે છે કે, હકકપત્રક નોંધ નં.૫૦૭ પ્રમાણિત તા.૧–૪–૬૦

જોવામાં આવે તો, શ્રી મોહન રત્નાભાઈ એટલે કે હાલનાં વાદીઓના પિતાને સરવે નં. –૬૬ ની જમીન એકર ૪–૦૦, લવાભાઈ રત્નાભાઈને સરવે નં.–૬૬ ની જમીન એકર ૫–૦૦ તથા ખીમાભાઈ રત્નાભાઈ એટલે કે પ્રતિ.નં.–૧ ને સરવે નં.–૬૬ ની જમીન એકર ૧૧–૩૮ ની વહેંચણી કરી આપવામાં આવેલ છે. જે જોતાં જમીનનાં કબજાનો કે કોઈ વ્યકિતના ભાગમાં વધુ ઓછી જમીન થયેલ હોય તો તા.૧–૪–૬૦ થી નિયત સમયમર્યાદામાં જમીનની માપણી કરાવી કાનુની કાર્યવાહી કરવી જોઈએ, પરંતુ હાલનાં વાદીઓએ તા.૪–૧૦–૨૦૦૮ એટલે કે ૪૮ વર્ષ કરતાં વધુ સમય બાદ હાલનો દાવો દાખલ થયેલ છે તે જોતાં દાવાને સ્પષ્ટ રીતે સમયમર્યાદાનો બાધ નડે છે. વાદીના પિતા મોહનભાઈનું અવસાન થતાં વાદીઓના નામે વારસાઈ નોંધ તા.૨૮–૨–૭૭ નાં રોજ દાખલ થયેલ છે ત્યારે હાલના વાદીઓ આ જમીનના માલિક હોવા છતાં પણ કયારેય કબજા બાબતે વિવાદ કરેલ નથી. તેમજ વાદીએ કબજા મુજબની માપણી પણ કરાવેલ નથી જે જોતાં વાદીના કબજામાં જે જમીન મળેલ તે વાદીએ સ્વીકારેલ છે. વધુમાં વાદીએ દાવા અરજી પેરા–૪ માં વાદીએ જણાવેલ કે, સરવે નં.–૬૬ પૈકીની જમીન એકર ૪–૩૨ ગુંઠા વાદીઓના નામે કે તેના કબજે આવેલ હોવાનું ખરુ નથી કારણ કે હકકપત્રક નોંધ નં.–૧૬૩૮ થી ઉપર જણાવેલ વિગતે સરવે નં.–૬૬ નો એકર ૦–૩૨ ગુંઠા જમીન ખરાબાની જમીન છે અને તેનો શાંત અને પ્રત્યક્ષ કબજો પ્રતિ. નં.–૧ પાસેથી મળવા વાદીએ દાવા અરજીમાં પણ કોઈ સુધારો કરેલ નથી. વાદીએ દાવા અરજીમાં જણાવેલ ચતુઃસીમા પણ ખરી નથી. વધુમાં પ્રતિવાદી જણાવે છે કે, ગુજરાત સરકારે તાજેતરમાં વૈજ્ઞાનિક રીતે દરેક ખેડૂતની જમીનનું રીસર્વે (માપણી) કરેલ છે તેમાં પણ પ્રતિ.નં.–૨ ની માલિકી કબજાભોગવટાની જમીનમાં ક્ષેત્રફળમાં કોઈ ફેરફાર આવેલ નથી. તેમછતાં પ્રતિ.નં.–૨ તથા તેના વારસોને હેરાન

કરવા હાલનો ખોટો દાવો કરેલ હોય સી.પી.સી. કલમ–૩૫(એ) મુજબ પ્રતિ.નં.–૨ નાં વારસોને મુજબ સ્પે.કોસ્ટ તથા વળતર અપાવવા હુકમ કરવા અરજ કરેલ છે.

પ્રતિ.નં.–૨ ના વારસદારો તરફે આંક–૯૩ થી સુધારેલ દાવા અરજીનાં જવાબમાં પ્રતિ.નં.–૧ નાએ આંક–૧૪ નાં દાવા જવાબનાં પેરા–૧૬ માં જણાવેલ હકીકતે જણાવવાનું કે, પ્રતિ.નં.–૧ ખીમા રત્ના મોણપરાનાં ભાઈ મોહન રત્ના મોણપરા હતા અને બંને ભાઈઓને વડીલોપાર્જીત મિલકતનાં ભાગ થયેલ છે. જેથી હાલના વાદીઓએ પ્રતિ.નં.–૧ ને પક્ષકાર જોડી દાવાવાળી જમીનનાં કબજા બાબતે હાલનો દાવો કરેલ છે. પુરાવાના કાયદાની જોગવાઈ મુજબ કોઈ પક્ષકારે પ્લીડીંગમાં હકીકત કબુલ કરેલ હોય તે કબુલાત કાયમી રહે છે. નામદાર અદાલતે આંક –૮૨ થા ૮૩ નો સંયુકત હુકમ કરેલ છે જેમાં પ્રતિ.નં.–૧/૨ ને ડીલીટ કરવાનો હુકમ કરેલ છે, જયારે પ્રતિ.નં.–૧/૧ નાં વારસદાર કીશન રવજીભાઈ મોણપરાનું નામ સરનામું જાહેર કરેલ હોવા છતા તેઓને વારસદાર તરીકે જોડવા હુકમ કરેલ નથી. સુધારેલ દાવા અરજીમાં પ્રતિ.નં.–૧/૧ તથા ૧/૨ ને ડીલીટ/એબેટ કરેલ છે જેથી વારસો હયાત હોવા છતાં તેમને જોડવામાં આવેલ ન હોય અને મુળ પુરુષ ખીમા રત્ના મોણપરાએ આંક–૧૪ નાં દાવા જવાબમાં બગડુ સરવે નં.–૬૬ પૈકીની જમીન એકર ૧–૦૯ ગુંઠાનો કબજો પ્રતિ.નં.–૧ પાસે છે અને આ જમીનનું પ્રતિ.નં.–૨ ને વેચાણ કરેલ નથી કે કબજો સોંપેલ નથી તેવું પ્લીડીંગ કરેલ છે જે પ્લીડીંગ પ્રતિ. નં. –૧ નાં હયાત વારસદારોને આપોઆપ બંધનકર્તા છે. ઉપરોકત હકીકતે પ્રતિ.નં.–૨ નાએ ખરીદ કરેલ જમીન સિવાયની કોઈ જમીનનું વેચાણ દસ્તાવેજ કરેલ નથી કે કબજો સંભાળેલ નથી તેમછતાં વાદીઓ તથા પ્રતિ.નં.–૧ નાં વારસો એક જ કુટુંબના સગા થતાં હોય પ્રતિ.નં.–૨ પાસેથી જમીન કઢાવી લેવા ખોટો દાવો કરેલ હોય વાદીનો

દાવો ખર્ચસહિત રદ કરી પ્રતિ.નં.–૨/૧ થી ૨/૩ ને સ્પેશ્યલ કોસ્ટ અપાવવા હુકમ કરવા અરજ કરેલ છે.

(૩) આ કામે વાદી તરફે આંક–૫ થી સી.પી.સી. ઓર્ડર–૩૯, રુલ–૧, ૨ તથા કલમ–૧૫૧ મુજબ વચગાળાનાં મનાઈહુકમની અરજી આપેલ છે. જેમાં બંને પક્ષકારની રજુઆત, પ્રતિવાદીની પુરસીસ અને અરજી ઉપર કરેલ શેરો ધ્યાને લઈ મારા પૂરોગામી વિધ્વાન ન્યાયાધીશશ્રીએ તા.૦૫–૨–૨૦૦૯ નાં રોજ આંક–૫ ની અરજી ફેસલ કરેલ છે.

(૪) આ કામે વાદીએ આંક–૨૧ થી કાઉન્ટર એફીડેવીટ રજુ કરેલ છે. જેમાં પ્રતિવાદીઓના વાંધા જવાબની હકીકતોનો ઈન્કાર કરી વધુમાં જણાવેલ છે કે, પ્રતિ. નં.–૧ નાં હિસ્સામાં સરવે નં.–૬૬ પૈકી એકર ૫–૨૪ ગુંઠા જમીન આવેલ જેની મહેસુલ દફતરે નોંધ ૧૨૨૬, તા.૨–૬–૧૯૭૯ નાં રોજથી મંજુર થયેલ છે. એકર ૫–૨૪ ગુંઠા હેકટર ૨–૨૬–૬૩ ચો.મી. થાય છે. આમ, પ્રતિ.નં.–૨ નાએ રેવન્યુ રેકર્ડ મુજબ તેના જોગનો દસ્તાવેજ કરાવેલ છે, પરંતુ સ્થાનિકે હેકટર ૨–૨૬–૬૩ ચો.મી. કરતાં વધારે જમીન કબજામાં છે જે વધારાની જમીનનો કબજો મેળવવા દાવો કરેલ છે. પ્રતિ. નં.–૨ પાસે સ્થાનિકે કબજોભોગવટો એકર ૬–૩૩ ગુંઠાનો છે તથા માપણી થવાથી વધારાનો કબજો નીકળે તો તે પ્રતિ.નં.–૧ રાખી શકે છે તેવું ગેરકાયદે વિધાન કરેલ છે. સરવે નં.–૬૬ ની કોઈપણ જમીનનાં ભાગની નોંધ મહેસુલી દફતરે પ્રતિ.નં.–૧ જોગની રહેલ નથી કે રહી શકે તેમ નથી તથા પ્રતિ.નં.–૧ નાં ગેરકાયદે મહેસુલી દફતરેની નોંધ વગર ગેરકાયદે એકર ૧–૦૯ ગુંઠાનો કબજો ધારણ કરવા સક્ષમ રહેતા નથી, પરંતુ પ્રતિ.નં.–૨ નાએ રેકર્ડ મુજબ દસ્તાવેજ નોંધાવેલ છે. જયારે કબજો વિશેષ

જમીનનો સ્વીકારેલ છે તથા પ્રતિ.નં.–ર વતી આ તેની જમીન હાલ પ્રતિ.નં.–૧ વાવે છે. વધુમાં જણાવે છે કે, ખરાબાની જમીન વીઘો ૧ અને ૯ ગુંઠા પ્રતિ.નં.–૧ નાં કબજામાં છે, પરંતુ સદરહુ કબજો ૩૦ વર્ષથી પ્રતિ.નં.–૧ નો હોવાનું ખરુ નથી, પરંતુ તેમની જમીનમાં ઘટ છે તેની માહિતી તેઓને માપણી કરાવતા જાણ થયેલ અને હિસ્સા ફોર્મ–૪ મુજબ તેમની જમીન ઘટે છે. જે ખરાબાની જમીન પ્રથમ પ્રતિ.નં.–૧ પાસે હતી અને ત્યારબાદ હાલ પ્રતિ.નં.–ર ગેરકાયદે કબજામાં છે. આમ, બંને પ્રતિવાદીઓ એ વિરોધાભાસી રજુઆત કરેલ છે, પરંતુ સ્થાનિકે તમામ જમીનનો કબજો પ્રતિ.નં.–ર પાસે રહેલ છે અને પ્રતિ.નં.–ર નાં દાવાવાળી જમીન એકર ૧–૦૯ ગુંઠાનું ગેરકાયદે વેચાણ કરી અન્યોને કબજો સોંપી આપે તો દાવામાં મલ્ટીપ્લીસીટી ઓફ પ્રોસીડીંગ થાય તેમ છે જે સામે બંને પક્ષો યથાવત સ્થિતિ જાળવી રાખે તો કોઈ નુકશાન નથી.

(૫) વાદીના પક્ષ નિવેદનો આધારે આંક–ર૪ થી નીચે મુજબના મુદ્દા ઘડવામાં આવેલા છે.

<u>––:: મુ દ્દા :: ––</u>

(૧) શું વાદી પુરવાર કરે છે કે, વાદગ્રસ્ત જમીન પક્ષકારોની વડીલોપાર્જીત મિલકત છે અને વારસો વચ્ચે સંમતિથી વાદગ્રસ્ત મિલકતની વહેંચણી થયેલ છે ?

(ર) શું વાદી પુરવાર કરે છે કે, ભાયોભાગની વહેંચણી દરમિયાન તેઓને હિસ્સે આવતી ક્ષેત્રફળ મુજબની જમીન તેઓને પ્ર તિવાદીએ વહેંચેલ નહીં ?

(૩) શું પ્રતિવાદી પુરવાર કરે છે કે, સરવે નં.–૬૬ પૈકીની જમીન એકર ૫–૨૪ ગુંઠાની તથા ખરાબો વીઘા ૧–૯ ગુંઠાનાં તેઓ વિરુધ્ધ કબજાનાં કાયદાથી માલિક ઠરે છે ?

(૪) શું વાદી પુરવાર કરે છે કે, તેઓનો દાવો કાયદેસરનો અને કાયદાથી ટકવાપાત્ર છે ?

(૫) શું વાદી પુરવાર કરે છે કે, માંગ્યા મુજબની દાદ કાયદેસર રીતે તેઓ મેળવવા માટે હકકદાર છે ?

(૬) શું હુકમ અને હુકમનામું ?

(૬) ઉપરોકત મુદ્દા પરત્વેના નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.(૧) : **હકારમાં.**

મુદ્દા નં.(૨) : **નકારમાં**

મુદ્દા નં.(૩) : **નકારમાં.**

મુદા નં.(૪) : **નકારમાં.**

મુદા નં.(૫) : **નકારમાં.**

મુદા નં.(૬) : **આખરી હુકમ મુજબ.**

(૭) આ કામે ઉપરોકત મુદ્દા પુરવાર કરવા માટે **વાદી પક્ષ ધ્વારા** નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલા છે.

<u>મૌખિક પુરાવો :</u>

ક્રમ	**સાહેદ**	**આંક**
૧	વાદી નં.–૧ દેવરાજ મોહનભાઈ	**૨૫**

	મોણપરાનું સરતપાસના પુરાવાનું સોગંદનામું.	
૨	વાદી સાહેદ ડી.આઈ.એલ.આર. કચેરીનાં રીઝર્વ સર્વેયર શ્રી જેઠાભાઈ આલાભાઈ કરંગીયા ની સોગંદ પરની જુબાની.	**૫૧**

<u>દસ્તાવેજી પુરાવો :</u>

ક્રમ	**દસ્તાવેજની વિગત**	**આંક**
૧	હકકપત્રક ગામ નમુના નં. ૬ ની નોંધ નં.–૧૦, ૫૦૭,૧૦૯૮,૧૨૨૬,૧૬૩૬,૧૬૩૮,૪૩૦૨	**૨૯ થી ૩૨**
૨	હિસ્સા ફોર્મ.	**૩૩**
૩	ગામ નમુના નં.–૭/૧૨.	**૩૪**
૪	ગામ નમુના નં.–૮(અ)	**૩૫**
૫	માપણી શીટ	**૩૬**
૬	પ્રતિ.નં.–૨ નાં નામનુ રેવન્યુ રેકર્ડ ગામ નમુના નં. –૮(અ) તથા ૭/૧૨	**૧૦૮**
૭	સદર જમીનનું માપણી શીટ	**૧૦૯**

આ કામે વાદી તરફે આંક–૫૨ થી કલોઝીંગ પુરસીસ આપેલ છે.

(૮) ત્યારબાદ આ કામે પ્રતિ.નં.–૧ ને પુરતી તક આપવા છતાં, તેઓ તરફે કોઈ પુરાવા રજુ થયેલ નથી. જયારે પ્રતિ.નં.–૨ તરફે નીચે મુજબનાં મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલા છે.

<u>મૌખિક પુરાવો :</u>

ક્રમ	**સાહેદ**	**આંક**
૧	પ્રતિ.નં.–૨(૧) ભાનુમતીબેન અમીનભાઈ કરકરનું	**૯૯**

	સરતપાસના પુરાવાનું સોગંદનામું.	
૨	પ્રતિવાદી સાહેદ કાનજીભાઈ સવજીભાઈ સાવલીયા નું સરતપાસનું પુરાવાનું સોગંદનામુ.	**૧૦૬**

<u>દસ્તાવેજી પુરાવો :</u>

ક્રમ	**દસ્તાવેજની વિગત**	**આંક**
૧	પ્રતિ.નં.–૨ નું મરણનું પ્રમાણપત્ર.	**૧૧૦**
૨	પ્રતિ.નં.–૨ નાં વારસદારોનું પેઢીનામુ.	**૧૧૧**
૩	પ્રતિ.નં.–૨ નાં નામના રેવન્યુ રેકર્ડ.	**૧૧૨**
૪	પ્રતિ.નં.–૨ અમિતભાઈ કરકરે જમીન ખરીદ કરેલ તે રજી.વેચાણ દસ્તાવેજ.	**૧૧૩**
૫	પ્રતિવાદીનાં રેવન્યુ રેકર્ડ.	**૧૧૪**
૬	વાદીનાં રેવન્યુ રેકર્ડ.	**૧૧૫**

આ કામે પ્રતિ.નં.–૨ તરફે આંક–૧૦૭ થી કલોઝીંગ પુરસીસ આપી પુરાવો પૂર્ણ થયાનું જાહેર કરેલ છે.

(૯) ત્યારબાદ પક્ષકારો તરફેની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૯.૧) વાદી તરફે તેમના વિધ્વાન વકીલશ્રીએ તેમની આંક–૧૧૬ થી લેખિત દલીલો રજુ રાખેલી છે જેમાં તેઓએ દાવા અરજીની હકીકત દોહરાવી વિશેષમાં જણાવેલ છે કે, વાદવાળી મિલકત વડીલોપાર્જીત છે અને સંમતિથી વેચાણ થયેલ છે જે વાદીએ સાબિત કરવાનું છે. વાદવાળી મિલકત સરવે ન.–૬૬ તથા અન્ય જમીન વાદીનાં દાદા ગુજ.રત્ના લીંબાભાઈને કબજા હકકે મળેલ જેની પ્રમોલગેશન નોંધ નં. –૧૦ થી મંજુર થયેલી છે. આ બાદ રત્ના લીંબાએ તેની હયાતીમાં તમામ જમીનો તેના

ચાર પુત્રોને મૌખિક રીતે ભાચોભાગે આપેલી છે. જેમાં વાદીના પિતા મોહન રત્નાનાં ભાચોભાગે સરવે નં.–૬૬ પૈકી એકર ૪–૩૨ ગુંઠા તથા સરવે નં.–૩૯૧ એકર ૧–૩૨ ગુંઠા જમીન આવેલી છે તથા પ્રતિ.નં.–૧ ખીમા રત્ના અને મુળજી રત્નાનાં હિસ્સે સરવે નં.–૬૬ પૈકી એકર ૧૧–૩૮ ગુંઠા આવેલી જેની નોંધ નં.–૧૦ તથા ૫૦૭ આંક–૨૯ થી રજુ છે. આમ, દાવાવાળી મિલકત વડીલોપાર્જીત હોવાનું વાદી પુરવાર કરે છે. વધુમાં જણાવેલ છે કે, મુદ્દા નં.–૩ એટલે કે પ્રતિવાદી વિરુધ્ધનાં કબજાથી માલિક છે તે પુરવાર કરવાની જવાબદારી પ્રતિવાદીની છે. પ્રતિ.નં.–૧ નાએ પ્રતિ.નં.–૨ ને જમીન વેચાણ આપેલી છે જે એકર ૧–૦૯ ગુંઠા વધારે જમીન કબજામાં આવેલી છે. જે વાદીની માલિકીની છે જેનો કબજો મેળવવા તેઓ હકકદાર છે. જે અંગેની જાણ વાદીને ૨૦૦૫ માં માપણી કરાવતા થયેલી. જેથી હાલનો દાવો દાખલ કરેલો છે ત્યારે પ્રતિવાદીઓ વિરુધ્ધનાં કબજાથી માલિક ઠરતા નથી. વધુમાં જણાવેલ છે કે, મુદ્દા નં. –૨ મુજબ ભાચોભાગે નોંધ નં.–૫૦૭ પડેલી તે ખીમા રત્ના તથા મુળજી રત્નાના સંયુકત નામે સરવે નં.–૬૬ પૈકી એકર ૧૧–૩૮ ગુંઠા આવેલી જે નોંધ ૫૦૭ રજુ છે. પ્રતિ.નં.–૧ નાં ભાગે આવેલ પ્રતિ.નં.–૨ ને વેચાણ તા.૨૮–૪–૨૦૦૬ થી આપેલી અને તેમાં ભાચોભાગે આવેલી જમીન વેચાણ આપેલી છે તેથી વાદી મુદ્દા નં.–૨ પુરવાર કરવામાં સફળ રહેતા હોચ વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર હોવાનું જણાવી દાવો મંજુર કરવા ભારપુર્વક રજુઆત કરેલ છે.

(૯.૨) પ્રતિ.નં.–૧ તથા ૨ તરફે વિધ્વાન વકીલશ્રીએ સંયુકત દલીલો કરી જણાવેલ છે કે, વડીલોપાર્જીત જમીનન ભાચોભાગમાં જમીન ઓછી આવેલી તે મેળવવા દાવો કરેલો છે. આંક–૧૪ થી દાવા જવાબ રજુ કરેલો છે અને ૧૯૬૩ માં ભાચોભાગ થયા જેની નોંધ નં.–૨૯ નોંધાચ ત્યારથી પ્રતિ.નં.–૧ નો કબજો છે. પ્રતિ.

નં.–૨ તરફે આક–૧૯ થી જવાબ રજુ કરેલો છે. આંક–૨૯ વાદી અને પ્રતિ.નં.–૧ નાં વડીલોએ કરેલ વહેંચણીની નોંધ છે. તે મુજબ વાદીને એકર ૪–૦૦ ગુંઠા સરવે નં.–૬૬ માંથી તેમજ એકર ૧–૩૨ ગુંઠા સરવે નં.–૩૯૧ માંથી મળેલી હતી અને એકર ૧૧–૩૯ ગુંઠા જમીન ખીમા રત્નાના હિસ્સે આવેલી જે પૈકીની જમીન પ્રતિ. નં.–૨ ને વેચાણ આપેલી છે. આંક–૩૬ થી માપણીશીટ રજુ કરેલી છે. વાદીએ તેમની જમીનની માપણી કરાવેલી નથી. વાદી દાવો લઈને આવેલા છે પરંતુ માપણી કરાવેલી નથી. આંક–૫૧ થી સર્વેયરને તપાસેલા છે. જેમાં સરવે નં.–૬૬/૧ ની માપણી કરેલાનું અને ૬૬/૩ ની માપણી નહીં કરેલાનું સ્વીકારે છે. આંક–૧૦૯ માં માપણી શીટ રજુ છે પરંતુ પ્રતિ.નં.–૨ દવારા કોઈ દબાણ થયેલું નથી. પ્રતિ.નં.–૨ પાસે વધુ કબજો છે તેવું વાદી પુરવાર કરી શકતા નથી. જેથી વાદીનો દાવો ખર્ચસહ નામંજુર કરવા ભારપૂર્વક રજુઆત કરેલ છે.

–:: <u>નિર્ણય માટેના કારણો</u> ::–

(૧૦) કારણોની ચર્ચા કરવામાં આવે તે પહેલા રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો તે નીચે મુજબ છે :–

(૧૦.૧) વાદી નં.–૧ દેવરાજભાઈ મોહનભાઈ મોણપરાનું પુરાવાનું સોગંદનામુ આંક–૨૫ થી રજુ રાખેલ છે. જેમાં તેઓએ દાવા અરજીની હકીકતો જણાવેલી હોય પુનરાવર્તન ટાળવા દોહરાવેલ નથી.

જયારે વાદીની પ્રતિ.નં.–૧ તરફે થયેલ ઉલટતપાસ ધ્યાને લેવામાં આવે તો તે અક્ષરશ: નીચે પ્રમાણે છે :–

'' પ્રતિવાદી નં. ૧ મારા કાકા થાય. પ્રતિવાદી નં. ૧ હાલ હૈયાત નથી. પ્રતિવાદી નં. ૧ કઈ સાલમાં ગુજરી ગયા તે મને ખબર નથી. ''

જયારે વાદીની પ્રતિ.નં.–ર તરફે થયેલ ઉલટતપાસ ધ્યાને લેવામાં આવે તો તે અક્ષરશ: નીચે પ્રમાણે છે :–

'' મારા કબ્જામાં સર્વે નં. ૬૬ પૈકી૧ ની જમીન આવેલ છે. જે બગડુના સર્વે નંબર છે. એ વાત ખરી છે કે, દાવો દાખલ કર્યા બાદ મારી જમીનની ડી.આઈ.એલ.આર. મારફ્ત માપણી કરાવેલ નથી. એ વાત ખરી છે કે, મારા પિતાજી અને પ્રતિવાદી નં. ૧ ની જમીન સંયુકત જમીન હતી. એ વાત ખરી છે કે, ત્યાર બાદ ભાઈઓ ભાગ પડેલા. કઈ સાલમાં ભાઈઓ ભાગ થયા તે યાદ નથી પરંતુ મારા પિતાશ્રીની હૈયાતીમાં ભાઈઓ ભાગ થયેલ છે. મારા પિતા અને મારા કાકા વચ્ચે મિલ્કતના ભાઈઓ ભાગની વહેંચણી થઈ તેના પુરાવા તરીકે રેવન્યુ રેકર્ડ રજુ કરેલ છે. મને આંક: ર૯ બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે તે મારા પિતા મોહનભાઈ રત્નાભાઈ તથા મારા મોટાબાપા લવાભાઈ રત્નાભાઈ તથા ખીમાભાઈ રત્નાભાઈના ભાઈઓ ભાગ પડેલા ની નોંધ છે. એ વાત ખરી છે કે, આંક: ર૯ ની નોંધ નંબર ૫૦૭ તા. ર૦/૫/૬૩ ના રોજ પ્રમાણિત થયેલ છે. એ વાત ખરી છે કે, આ નોંધ મુજબ સર્વે નંબર ૬૬ ની જમીન ના ત્રણ ભાગ થયેલા. એ વાત ખરી છે કે, આંક: ર૯ ના દસ્તાવેજ મુજબ ખીમાભાઈ રત્નાભાઈના ભાગે સર્વે નંબર ૬૬ પૈકીની જમીન એકર ૧૧–૩૮ ગુંઠા આવેલી. એ વાત ખરી નથી કે, મારા પિતાશ્રીના ભાગમાં સર્વે નંબર ૬૬ પૈકીની જમીન એકર ૪–૦૦ ગુઠા આવેલી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, એકર ૪–૩ર ગુઠા આવેલી. હું ચાર ધોરણ ભણેલ છું. મને થોડુ થોડુ લખતા વાંચતા આવડે છે. મને ૧ થી ૧૦

સુધીના આંકડા વાંચતા આવડે છે. આંક:૨૯ ની નોંધ સિવાય ભાઈઓભાગની વહેંચણી બાબતે અમારી પાસે બીજો લેખિત પુરાવો છે. એ વાત ખરી છે કે, અમારી સર્વે નંબર ૬૬ ની જમીન હાલમાં રી–સર્વે થયેલી છે.

સવાલ :– આ રી–સર્વેના ૭ અને ૧૨ ના ઉતારા કોર્ટમાં રજુ કરેલ નથી.

જવાબ :– અમોને આની નકલ પુરી પાડેલ નથી.

એ વાત ખરી છે કે, જયારથી આ જમીનના ભાગ પડયા ત્યારથી જ તે જમીનનો કબ્જો જે તે વ્યકિત પાસે ચાલ્યો આવે છે. એ વાત ખરી છે કે, આ જમીનના કબ્જા બાબતે મારા પિતાશ્રીએ કયારેય કોઈ વિવાદ કરેલ નથી. મારા પિતાજી સને: ૧૯૭૩ માં ગુજરી ગયેલા. એ વાત ખરી છે કે, આ દાવો કર્યો તે પહેલાં કબ્જ બાબતે અમોએ– કોઈ દાવો કે કેસ કરેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, મૌખિક તકરાર થયેલ. એ વાત ખરી છે કે, ખીમાભાઈ રત્નાભાઈએ તેમની સર્વે નંબર ૬૬/૩ ની અમીતભાઈ ને વેચાણ આપેલ છે. એ વાત ખરી છે કે, ખીમાભાઈ પાસે જમીનનો જેટલો કબ્જો હતો તેટલી જમીન તેમણે અમીતભાઈને સોંપેલી. સર્વે નંબર ૬૬/૩ ની જમીનની અમોએ– ખાનગી સર્વેયર મારફતે માપણી કરાવેલી. એ વાત ખરી છે કે, સર્વે નંબર ૬૬/૩ ની જમીનની માપણી કરાવેલ હોય તેવા કોઈ દસ્તાવેજ અમોએ કોર્ટમાં રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે, અમીતભાઈને કરી આપેલ વેચાણ દસ્તાવેજ રદૃ કરાવવા અમોએ– દાવો કરેલ નથી કે, તેવી કોઈ દાદ માગેલ નથી. સર્વે નંબર ૬૬/૧ ની જમીન અમારા ભાગે આવેલ અને સર્વે . ૬૬/૨ ની જમીન લવાભાઈના ભાગે આવેલ અને સર્વે નંબર ૬૬/૩ ની જમીન પ્રતિવાદી નં. ૧ ખીમાભાઈ રત્નાભાઈના ભાગે આવેલ. ખીમાભાઈ એ આ સર્વે નંબર ૬૬/૩ ની બધી જમીન પ્રતિવાદી નં. ૨ અમિતભાઈ ને વેચાણ કરી દીધેલ. એ વાત ખરી છે કે, સર્વે નં. ૬૬/૩ ની જમીનમાં અમિતભાઈ તથા તેના

માણસો ખેતી કરે છે.

પ્રતિવાદી નં. ૧ હાલનો દાવો દાખલ કર્યા બાદ અવસાન પામેલ છે. એ વાત ખરી છે કે, પ્રતિવાદી નં. ૧ ના વારસદારો હૈયાત છે. એ વાત ખરી છે કે, ખીમાભાઈના વારસદારોને આ દાવામાં પક્ષકાર તરીકે જોડેલ નથી.

રત્નાભાઈ લીંબાભાઈ મારા દાદા થાય છે. એ વાત ખરી છે કે, રત્નાભાઈ લીંબાભાઈનાં નામે સરવે નં.–૬૬,૩૯૧,૩૮૯,૫૦૨/૧ ની જમીન આવેલી હતી. એ વાત ખરી નથી કે, આ ચારેય સરવે નંબરની જમીન એક શેઢે આવેલી છે. એ વાત ખરી છે કે, મારા પિતાની તથા તેમના ભાઈઓ વચ્ચે ભાયોભાગ પડેલા અને તેની નોંધ નં.૫૦૭ થી થયેલી છે જે આંક–૨૯ થી રજુ થયેલ છે. એ વાત ખરી છે કે, આંક–૨૯ માં મારા પિતાજી મોહનભાઈ રત્નાભાઈનાં ભાગે સરવે નં.૬૬ પૈકીનીમાં ચાર એકર તથા ઝીરો ગુંઠા જમીન આવેલી છે. એ વાત ખરી છે કે, ખીમાભાઈ રત્નાભાઈનાં ભાગે સરવે નં.–૬૬ પૈકીની એકર ૧૧ તથા ૩૮ ગુંઠા જમીન આવેલી છે. એ વાત ખરી છે કે, ખીમાભાઈ રત્નાભાઈ તથા મુળજીભાઈ રત્નાભાઈને જમીનનાં ભાગ પડેલા જે અંગેની નોંધ હકક પત્રક નોંધ નં.૧૨૨૬ થી તા.૪–૧–૧૯૭૯ થી દાખલ થયેલ છે. જે તા.૨–૬–૧૯૭૯ નાં રોજ પ્રમાણિત થયેલી છે. એ વાત ખરી છે કે, આ નોંધ મુજબ ખીમાભાઈ રત્નાભાઈનાં ભાગે સરવે નં.૬૬ પૈકીની જમીન એકર ૫–૨૪ ગુંઠા તથા મુળજીભાઈ રત્નાભાઈનાં ભાગે સરવે નં.–૬૬ પૈકીની જમીન એકર ૫–૨૪ ગુંઠા આવેલી. એ વાત ખરી છે કે આંક–૨૯ તથા આંક–૩૦ નાં ભાયોભાગ થયા તે મુજબ જમીનનાં કબજા જે તે ભાઈના થયેલા. એ વાત ખરી છે કે, ભાયોભાગનાં કબજા જે તે ટાઈમે ભાયોભાગ થયા ત્યારથી આજદિન સુધી જેમના તેમ છે. એ વાત ખરી છે કે, અમારી જમીન ઓછી છે તેની ખબર અમને ૨૦૦૫ જમીનની માપણી કરાવતા પડેલી.

એ વાત ખરી છે કે, ૨૦૦૫ માં જમીનની માપણી કરાવેલ તે પહેલા કયારે જમીનની માપણી કરાવેલી નહીં. સરવે નં.–૬૬ નાં ચાર ભાગ પડેલા અને તેમાં અમી જમીન એક બાજુ ચિરોડાના રસ્તે આવેલી અને અમારી બાજુમાં ગોંડલીયાની જમીન આવેલી છે. મારી જમીનની બાજુમાં મુળજી રત્ના તથા ખીમા રત્ના તથા લવા રત્નાની સરવે નં. –૬૬ પૈકીની બધી જમીનની માપણી કરવા માટે કોઈ અરજી કરેલી ન હતી. એ વાત ખરી છે કે, ખીમાભાઈ રત્નાભાઈનાં ભાગમાં સરવે નં.૬૬ પૈકી તથા ૩૮૯ ની જમીન આવેલી છે. એ વાત ખરી છે કે, કયા સરવે નંબરની બાજુમાં કઈ જમીન આવેલી છે તે દર્શાવવામાં અમે કોઈ સમતળનો નકશો કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, સરવે નં.૩૯૧ તથા ૩૮૯ વાળી જમીન સરવે નં.૬૬ પૈકી ની જમીનની બાજુમાં આવેલી છે. એ વાત ખરી છે કે, સરવે નં.૬૬ પૈકી ની જમીન એકર ૫–૨૪ ગુંઠા જેના હેકટર આરે ૨–૨૬–૬૩ ની પ્રતિ.નં.–૨ અમીન રણછોડભાઈ કરકરને વેચાણ આપેલી. એ વાત ખરી નથી કે, પ્રતિ.નં.–૨ નાએ વેચાણ દસ્તાવેજ કરી જમીન ખરીદ કરી ત્યારે આ જમીનની માપણી કરાવેલી અને કબજો લીધેલો. એ વાત ખરી છે કે, પ્રતિ. નં.૨ નાએ જે આંક–૧૯ થી જવાબ રજુ કરેલ તે મે વાંચેલ નથી. એ વાત ખરી છે કે, પ્રતિ.નં.૨ નાએ નામ અદાલતમાં એમ જણાવેલ કે, વાદી ધારે તો નામદાર અદાલતમાં અરજી આપી ડીઆઈએલઆરનાં સર્વેયર મારફત માપણી કરાવી પ્રતિ. નં.૨ ના વેચાણ દસ્તાવેજવાળી જમીન કરતાં વધારાની કોઈ જમીન હોય તો તે કબજે વાદીઓ કે પ્રતિ.નં.૧ રાખી શકે છે, પરંતુ પ્રતિ.નં.૨ નાં કબજામાં એક ઈંચ પણ વધારાની જમીન છે નહીં કે પ્રતિ.નં.૨ વધારાની જમીન રાખવા માંગતા નથી.

એ વાત ખરી છે કે, પ્રતિ.નં.૨ નાં જવાબમાં ઉપરોકત જણાવેલ હોવા છતાં મે નામદાર અદાલતમાં કોઈ અરજી કરેલ નથી કે માપણી કરાવેલ નથી. એ વાત ખરી છે

કે, મેં જયારે માપણી કરાવેલી ત્યારે અમિતભાઈના નામે વેચાણ દસ્તાવેજ થયેલો ન હતો. મે આંક–૨૫ થી પુરાવાનું સોગંદનામુ રજુ કરેલ છે તે મે વાંચેલ નથી. આ સોગંદ નામુ અમારા વકીલ સાહેબે લખેલ હશે. સહી કરતા પહેલા મારા વકીલ સાહેબે મને સોગંદનામુ વંચાવેલું. એ વાત ખરી છે કે, આંક–૨૫ નાં સોગંદનામાના પેરા–૩ માં એવું લખવામાં આવેલ છે કે, ''આમ પ્રતિવાદીઓએ અમારી જમીનમાં ઉતરોતર એકર ૧–૦૯ ગુંઠા જમીનમાં દબાણ કરેલ છે.'' એ વાત ખરી છે કે, મારા કહેવા મુજબ આંક –૨૯ થી અમારા ભાયોભાગ થયા ત્યારે અમોને એકર ૧–૦૯ ગુંઠા જમીન ઓછી આવેલી. મને એ વાતની ખબર નથી કે, ભાયોભાગ થયા ત્યારે અમારા ભાગમાં એકર ૧–૦૯ ગુંઠા જમીન ઓછી આવેલી તે જમીન કોના ભાગમાં વધુ ગયેલી. એ વાત ખરી છે કે, અમારે ભાયોભાગ થયા ત્યારથી સતત રીતે ઉતરોતર અમારા ભાગમાં એકર ૧–૦૯ ગુંઠા જમીન ઓછી આવે છે.

એ વાત ખરી છે કે, અમારી જમીનમાં ભાયોભાગ થયા ત્યારે ખરાબાની જમીનનો સમાવેશ થઈ જતો હતો. એ વાત ખરી છે કે, તાજેતરમાં સરકારે દરેક ખેડૂતની જમીનના રી સરવે કરી નવા ૭/૧૨ આપેલ છે. એ વાત ખરી નથી કે, રી સરવે પછી જમીનનાં સરવે નંબરો બદલેલ છે અને નવા સરવે નંબર આપેલ છે. રી સરવે પછી પણ મારી જમીનનું ક્ષેત્રફળ ઘટતુ હતું. એ વાત ખરી છે કે, રીસરવે પછી મારા જુના રેવન્યુ રેકર્ડ મુજબ ક્ષેત્રફળ ઓછુ થતુ હતું. મે તે માટે વાંધા અરજી રજુ કરેલ હતી અને ત્યારબાદ ફરીથી માપણી કરેલી તેમછતાં જમીનનું ક્ષેત્રફળ ઓછુ આવેલ છે. એ વાત ખરી છે કે, આજુબાજુના ખેડૂતોની કોઈની જમીનનાં ક્ષેત્રફળમાં વધારો આવેલ હોય તો તેના કોઈ રેવન્યુ રેકર્ડ મેં જોયેલ નથી. મારી જમીનની આજુબાજુનાં તથા મારા રી સરવે પછીના રેવન્યુ રેકર્ડ મને મળશે તો હું રજુ કરીશ. એ વાત ખરી નથી કે, પ્રતિ.

નં. ૨ નાં મારી જમીનમાં કોઈ દબાણ કરેલ નથી, પરંતુ તેઓએ જમીન ખરીદેલ હોય તેમની સામે ખોટો આક્ષેપ કરેલો છે. એ વાત ખરી છે કે, મારી જમીનમાંપ્રતિ.નં.–૧ નાએ અમારા ભાયાભાગ થયા ત્યારથી દબાણ કરેલ છે. એ વાત ખરી છે કે, જે દબાણવાળી જમીન ભાયોભાગ થયા ત્યારથી અત્યારે પણ પ્રતિ.નં.–૧ તથા તેમના વારસો પાસે છે. એ વાત ખરી છે કે, હાલનો દાવો કરેલો તે પહેલા પ્રતિ.નં. –૧ સામે અમે કોઈ દાવો કે કેસ કરેલ નથી કે કોઈ નોટીસ આપેલ હોય કે કોઈ ફરીયાદ કરેલ હોય તેમ બનેલ નથી. એ વાત ખરી નથી કે, મારી જમીનમાં કોઈ દબાણ થયેલ ન હોવા છતાં હાલનો ખોટો દાવો કરી, પુરાવાનું ખોટુ સોગંદનામુ કરી ખોટી જુબાની આપું છુ. મારી જમીનમાં થયેલ દબાણ બાબતે હું કોઈ સાક્ષી તપાસવા માંગતો નથી. નામદાર અદાલતનાં કોર્ટ કમિશ્નર મારફતે ડીઆઈએલઆરનાં સર્વેયરને કમિશ્નર નીમી સરવે નં.–૬૬ ની તમામ જમીનની માપણી કરાવવા હું માગું છું.''

(૧૦.૨) વાદી પક્ષે આંક–પ૧ થી ડી.આઈ.એલ.આર. કચેરીનાં નિવૃત સર્વેયર શ્રી જેઠાભાઈ આલાભાઈ કરંગીયાને સોગંદ પર તપાસવામાં આવેલા છે. જેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ સને ૨૦૦૫ ની સાલમાં જુનાગઢ ડી.આઈ.એલ.આર. કચેરીમાં રીઝર્વ સર્વેયર તરીકે ફરજ બજાવતા હતા અને તે સમય દરમિયાન તેમણે બગડુ સરવે નં.–૬૬/૧ પૈકીની માપણી કરેલી. તેઓ જયારે આ સરવે નંબરની માપણી કરવા ગયેલ ત્યારે સરવે નં.–૬૬ ની ટીપ્પણ લઈને ગયેલ. તેમજ તે સરવે નંબરનાં ૭/૧૨, ૮(અ) લઈ ગયેલ. તેમણે જે સરવે નંબરની માપણી કરેલી તેનું કુલ ક્ષેત્રફળ ૧–૯૪–૨પ ૭/૧૨ માં લખાયેલ હતું. જયારે આ જમીન માપણી કરેલી ત્યારે તેમણે જે તે સ્થિતિનો કબજો ૧–૪૩–૬૬ મે માપણી કરેલી ત્યારે હતો. આ માપણી કરેલ ત્યારે માપણી મુજબનું ક્ષેત્રફળ તથા ૭/૧૨ માં દર્શાવેલ ક્ષેત્રફળ સુસંગત

ન હતા. તેમને આંક–૩૬ વાળી માપણી શીટની ખરીનકલ બતાવવામાં આવે છે જે જોઈને કહે છે કે, તે તેમણે જે માપણીશીટ તૈયાર કરેલી તેની ખરીનકલ છે.

જયારે વાદી સાહેદની પ્રતિ.નં.–ર તરફે થયેલ ઉલટતપાસ ઘ્યાને લેવામાં આવે તો તે અક્ષરશ: નીચે પ્રમાણે છે :–

'' મને એ વાતની ખબર નથી કે, આ કામનુ ટીપ્પણ કઈ સાલમાં તૈયાર થયેલ. એ વાત ખરી છે કે, ટીપ્પણ આખા સરવે નંબરનું તૈયાર થયેલ હોય છે. એ વાત ખરી છે કે, મે જે માપણી કરેલી છે તે સરવે નં.–૬૬/૧ પૈકીની માપણી કરેલી છે. એ વાત ખરી છે કે, એક પૈકીમાંથી પણ ભાગ પડેલ હોય ત્યારે તેમાં પૈકી શબ્દ આવે. હું આંક –૩૬ વાળી માપણીશીટ જોઈને કહું છું કે તેમાં સમજુતીના ક્રમ ૩ પર પુરવણી પત્રક નંબર ૭ થી સરવે નં.૬૬ નાં બે ભાગ થયેલ છે. એ વાત ખરી છે કે, મે સરવે નં.૬૬/૩ ની માપણી કરેલી નથી.

એ વાત ખરી છે કે, જયારે માપણી શીટ તૈયાર થાય ત્યારે માપણીશીટમાં જુદા જુદા પ્રકારની લીટી તથા જુદા જુદા કલરની નિશાનીઓ કરવામાં આવે છે. એ વાત ખરી છે કે, આ નિશાનીઓની સમજુતી માપણીશીટમાં નીચેની બાજુએ કરવામાં આવે છે. એ વાત ખરી છેકે, માપણી શીટની અસલ પ્રત અમારી કચેરીમાં જાળવવામાં આવે છે. એ વાત ખરી છે કે, આંક–૩૬ ની માપણી શીટ તે અસલ માપણી શીટની ઝેરોક્ષ નકલ કરી તેની ખરી નકલ આપવામાં આવેલી છે. એ વાત ખરી નથી કે, આંક–૩૬ વાળી માપણી શીટમાં લાલ લીટીની સમજુતી કરેલી નથી. એ વાત ખરી છે કે, આંક–૩૬ ની માપણી શીટમાં લાલ અક્ષર તથા લાલ લીટી દર્શાવવામાં આવેલ છે તે ઝેરોક્ષમાં નથી, પરંતુ અસલ લીટી તથા અસલ લાલ અક્ષર છે. એ વાત ખરી છે કે, મે માપણી કરી

તેમાં સરવે નં.૬૬/૧ નું ક્ષેત્રફળ એકર ૫ અને ૧૮ ગુંઠા દર્શાવવામા આવેલ છે અને તેના હેકટર આરે ૨–૨૦–૫૫ થાય છે. સરવે નં.–૬૬/૨ નું ક્ષેત્રફળ એકર ગુંઠા૧૫–૨૦ દર્શાવેલ છે અને તેના હેકટર આરે ૬–૨૭–૨૮ થાય છે. બંને સરવે નંબર નો સરવાળો કરતા કુલ એકર ગુંઠા ૨૦–૩૮ થાય છે. એ વાત ખરી છે કે, કોઈપણ ટીપ્પણ માં સરવે નંબરનું માપ તથા ક્ષેત્રફળ એકર ગુંઠામાં દર્શાવેલ હોય છે. આ કામે ટીપ્પણમાં શું માપ હતું તે મને હાલ યાદ નથી. એ વાત ખરી છે કે, મારી સાથે આ સરવે નંબર ૬૬ નું ટીપ્પણ સાથે લાવેલ નથી. એ વાત ખરી છે કે, જે માપણીશીટમાં જે વિગત લખાઈ તેનું ક્ષેત્રફળ હિસ્સા ફોર્મ–૪ માં લખાઈ છે. એ વાત ખરી છે કે, સરતપાસમાં હિસ્સા ફોર્મના ક્ષેત્રફળની હકીકત લખાવેલ છે તે માપણી શીટની સમજુતીમાં દર્શાવેલ નથી. માપણી શીટમાં જો ક્ષેત્રફળ વધારે કે ઓછુ થાય તો અમો કહી શકીએ. એ વાત ખરી છે કે, આંક–૩૬ વાળી માપણી શીટમાં કોઈ સરવે નંબરમાં ક્ષેત્રફળમાં વધઘટ થયેલ હોય તેની કોઈ નોંધ સમજુતીમાં લખવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે, સામાન્ય રીતે અમે માપણી કરીએ ત્યારે કોઈ દબાણ હોય તો અમે તે દર્શાવી અને તેની નોંધ તથા માપ માપણીશીટમાં કરતાં હોઈએ છીએ. એ વાત ખરી છે કે, આંક–૩૬ માં માપણીશીટમાં સરવે નં.૬૬/૧ પૈકીમાં કોઈ દબાણ થયેલ હોય તેવી કોઈ નોંધ થયેલ નથી.

જયારે પ્રતિ.નં.–૧ તરફે કોઈ હાજર ન હોય કે કોઈ રીપોર્ટ રજુ કરેલ ન હોય તેમનો ઉલટતપાસનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૧૦.૩) પ્રતિવાદી પક્ષે આંક–૯૯ થી પ્રતિ.નં.–૨ ભાનુમતીબેન અમીનભાઈ કરકરને તપાસવામાં આવેલા છે. જેમાં તેઓએ દાવા જવાબની હકીકતો જણાવેલ હોય પુનરાવર્તન ટાળવા તે દોહરાવેલ નથી.

જયારે વાદી પક્ષે કરેલ પ્રતિવાદી નં.-૨(૧) ની ઉલટતપાસ ધ્યાને લેવામાં આવે તો, તે અક્ષરશ: નીચે પ્રમાણે છે :-

'' મે એમ.એ. સુધી અભ્યાસ કરેલ છે. હાલ હુ સુરત કામરેજ સાસરે છુ. આશરે ૩૦ વર્ષથી સાસરે છુ. એ વાત ખરી નથી કે હાલના વાદીએ આ દાવો શેના માટે કરેલ છે તેની મને કોઈ જાત માહિતી નથી. મારા પતિનુ નામ અમિતભાઈ રણછોડભાઈ કરકર છે. જેઓ આજથી છ વર્ષ પહેલા અવસાન પામેલ છે. હાલના વાદીએ સર્વે નં.૬૬ પૈકીની જમીનનો દાવો કરેલ છે. એ વાત ખરી નથી કે આ કામે રજુ થયેલ જવાબ અંગેની મને જાત માહિતી નથી. એ વાત ખરી છે કે હાલના દાવામા પ્રથમ જવાબ જે રજુ થયેલ તેમા મારી કોઈ સહી નથી પરંતુ સુધારેલ દાવા અરજીના જવાબમા મારી સહી છે. એ વાત ખરી છે કે આ દાવાના કામે જમીન અંગેની તકરાર માટે જમીનની માપણી સરકારી જરીફ મારફત કરવા અરજી આપેલી. એ વાત ખરી છે કે સરકારી જરીફ મારફત માપણી થયેલ છે તે મે જોયેલી છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે અમારી જમીનની માપણી કરેલી નથી આજુબાજુની કરેલી છે. એ વાત ખરી છે કે આ સરકારી માપણીમા પેશકદમીનો ઉલ્લેખ થયેલ હતો આથી અમોએ આ માપણી સામે લેખિત વાંધા આપેલા છે. એ વાત ખરી નથી કે હુ ૩૦ વર્ષથી સાસરે હોઉ મે આ જમીનમા કયારેય ખેતી કરેલી નથી. હાલની આ ખેતીની અમારા ભાગની જમીન મારા નણંદ રેખાબેન આશરે આઠથી દસ વર્ષથી વાવે છે. આ જમીન વાવવા અંગે કોઈ લેખિત કરાર થયેલ નથી. આ જમીનમા વાર્ષિક ઉપજ અંદાજે ૬૦ થી ૭૦ હજાર થતી હશે. રેખાબેન આ જમીનની ઉપજમાથી મને રૂ.૬૦,૦૦૦/- આપે છે. એ વાત ખરી નથી કે આ જમીન રેખાબેન વાવતા હોવાથી તે જમીનની મને કોઈ જાત માહિતી નથી. એ વાત ખરી નથી કે હાલના દાવાના કામે વાદીએ દાવામા માગ્યા મુજબની દાદ મંજુર ન થાય તેવા

હેતુથી અમોએ ખોટો દાવાજવાબ તથા ખોટો પુરાવો રજુ કરેલ છે.''

(૧૦.૪) પ્રતિવાદી પક્ષેઆંક-૧૦૬ થી સાહેદ કાનજીભાઈ સવજીભાઈ સાવલીયા ને સોગંદ પર તપાસવામાં આવેલા છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ છેલ્લા ૭ થી ૮ વર્ષથી બગડુ મુકામે રહે છે. અમિતભાઈ રણછોડભાઈ કરકરે તેઓને આ જમીન ભાગથી વાવવા આપેલ છે. અમિતભાઈ રણછોડભાઈ કરકરનું અવસાન તા.૭-૮-૧૯ નાં રોજ થયેલ છે અને ત્યારબાદ હાલનાં વાદીએ તેઓને ભાગીયા તરીકે ચાલુ રાખેલ છે. જેથી હાલમાં તેઓ વાદવાળી જમીનમાં ખેતીકામ કરે છે. આ કામમાં તા.૨૬-૧૧-૨૧ નાં રોજ કોર્ટ કમિશ્નર તરીકે ડી.આઈ.એલ.આર.ના પી.એમ. લાધરીયા સાહેદ દવારા ભાનુમતીબેન અમિતભાઈ કરકરની જમીન માપણી કરવા આવવાના હોય જેથી ભાનુમતીબેને તેઓને પંચ તરીકે રહેવાનું જણાવતા તેઓ પંચ તરીકે રહેવા ગયેલ અને ત્યાં પંચનામામાં તેઓએ તેમની સહી કરેલ. તા.૨૬-૧૨-૨૧ નાં રોજ કોર્ટ કમિશ્નર દવારા તેમની હાજરીમાં સરવે નં.-૬૬/પૈકીની જમીનનું પંચ રોજકામ કરવામાં આવેલ, પરંતુ કોર્ટ કમિશ્નરશ્રી દવારા ભાનુમતીબેનની જમીનની માપણી કરવામાં આવેલ નથી, માત્ર હાલનાં વાદીઓ દેવરાજભાઈ, મનસુખભાઈ તથા અરવિંદભાઈની જમીનની માપણી કરવામાં આવેલ છે અને કોર્ટ કમિશ્નર દવારા ત્યાં કોઈ નકશો તૈયાર કરેલ નથી માત્ર વાદીઓની જમીનની માપણી કરી તેમની સહીઓ લીધેલ હોવાનું જણાવેલ છે.

જયારે વાદી પક્ષે કરેલ પ્રતિવાદી સાહેદની ઉલટતપાસ ધ્યાને લેવામાં આવે તો, તે અક્ષરશ: નીચે પ્રમાણે છે :-

''હુ અભણ છુ. મને લખતા વાંચતા આવડતુ નથી માત્ર સહી કરતા આવડે છે.

મે અમીતભાઈ રણછોડભાઈ કરકરની ખેતીની જમીન આજથી આશરે છ સાત વર્ષ પહેલા વાવવા રાખેલી, જેઓનુ અવસાન થયેલ છે. એ વાત ખરી છે કે આ ભાગ્યુ રાખવા રાખેલ જમીનનુ કોઈ લખાણ કરેલ નથી. એ વાત ખરી છે કે ખેતીની જમીનના સર્વે નંબર શું હોય છે જે હુ અભણ છુ જેથી શું હોય તે મને ખબર નથી. એ વાત ખરી છે કે હાલના દાવાના કામે મને ભાનુમતીબેનના કહેવાથી જુબાની આપવા આવેલ છુ. એ વાત ખરી નથી કે હાલના દાવાના કામે પ્રતીવાદીની ખેતીની જમીનનુ હુ ભાગ્યુ વાવુ છુ આથી તેને મદદરુપ થવા હાલનુ ખોટુ સોંગદનામુ કરી સોંગદ ઉપર ખોટી જુબાની આપુ છુ.''

(૧૧) હવે તમામ મુદ્દાની વિગતવાર ચર્ચા કરવામાં આવે તો તે નીચે પ્રમાણે છે:–

<u>મુદ્દા નં.૧ :–</u>

(૧૨) વાદીએ તેમના આંક–૨૫ નાં પુરાવાનાં સોગંદનામામાં જણાવેલ છે કે, વાદીઓ ગુજ.મોહન રત્નાભાઈનાં પુત્રો છે તથા વાદીના દાદા ગુજ.રત્ના લીંબા ને મોજે બગડુના સરવે નં.–૬૬ તથા સરવે નં.–૩૮૯ તથા સરવે નં.૫૦૨/૧ તથા સરવે નં.–૩૯૧ એમ કુલ જમીન એકર ૨૫–૧૧ ગુંઠા જમીન કબજા હકકે મળેલી હતી. જેની મહેસુલ દફતરે નોંધ નં.–૧૦ મંજુર થયેલી અને ગુજ.રત્ના લીંબા એ તેમણે તેમની હયાતીમાં ચાર પુત્રો (૧) મોહનભાઈ (૨) લવાભાઈ (૩) ખીમાભાઈ (૪) મુળજીભાઈ એમ ચાર પુત્રો વચ્ચે મૌખિક રીતે ઘરમેળે જમીનોની વહેંચણ કરી આપેલી અને વાદીઓના પિતા ગુજ.મોહનભાઈનાં ભાગે સરવે નં.–૬૬ પૈકી એકર ૪–૩૨ ગુંઠા તથા સરવે નં.–૩૯૧ એકર ૧–૩૨ ગુંઠા એમ કુલ જમીન એકર ૬–૨૪

ગુંઠા આવેલી જેની હકક પત્રકે નોંધ નં.૫૦૭ થી મંજુર થયેલી.

વાદી જે હકીકત જણાવે છે તે હકીકતને પુરવાર કરવા વાદી પક્ષે આંક–૨૯ થી હકક પત્રક નોંધ નં.–૧૦ તથા ૫૦૭ રજુ રાખેલી છે. જે ધ્યાને લેતાં, કણબી રત્ના લીંબાના નામે ખાતુ ચાલે છે અને તમામ જમીનો તેમના કબજાની હોય ખાતુ ચાલુ રાખવાનું થતુ હોવાનું નોંધ નં.–૧૦ માં ઉલ્લેખ છે અને તેમાં જે સરવે નંબર જણાવેલા છે તેમાં સરવે નં.–૬૬, ૩૮૯, ૫૦૨/૧ તેમજ ૩૯૧ આમ કુલ ચાર સરવે નંબરોનો ઉલ્લેખ કરેલો છે. વધુમાં આંક–૨૯થી જ રજુ નોંધ નં.૫૦૭ ધ્યાને લેવામાં આવે તો, ભાયોભાગે વહેંચણીની નોંધ છે જેમાં બગડુના ખાતેદાર ખેડૂત રત્નાભાઈ લીંબાભાઈએ પોતાની કબજાની જમીન એકર ૨૫–૧૧ ગુંઠા આકાર રુા.૧૨૧–૮૫ પૈસાનું ખેડ ખાતુ ચાલે છે તે તેમની હયાતીમાં રાજીખુશીથી તેના દીકરાઓને વેચાણ કરી આપેલ. જેમાં મોહન રત્ના એટલે કે હાલનાં વાદીનાં પિતાનાં હિસ્સે સરવે નં.–૬૬ પૈકી એકર ૪–૦૦ ગુંઠા તેમજ સરવે નં.–૩૯૧ ની ૧ એકર ૩૨ ગુંઠા કુલ એકર ૫–૩૨ ગુંઠા જમીન આવેલાનું અને લવા રત્નાના હિસ્સે સરવે નં.–૬૬ પૈકી ૫ એકર જમીન તેમજ પ્રતિ.નં.–૧ નાં પિતા ખીમા રત્નાભાઈના હિસ્સે સરવે નં.–૩૮૯ ની ૨ એકર ૦૫ ગુંઠા, સરવે નં.૫૦૨/૨ ની ૦–૧૬ ગુંઠા, સરવે નં.–૬૬ પૈકી ૧૧–૩૮ ગુંઠા આમ કુલ એકર ૧૪–૧૯ ગુંઠા જમીન આવેલી હોવાનું જણાય આવે છે. આમ, વાદી પક્ષે રજુ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં, વાદીનાં પિતાનાં હિસ્સે એકર ૫–૩૨ ગુંઠા જમીન આવેલ હોવાનું આંક–૨૯ થી રજુ નોંધ ૫૦૭ થી પુરવાર થાય છે.

(૧૩) વાદીએ તેમના આંક–૨૫ નાં પુરાવાનાં સોગંદનામામાં વિશેષમાં જણાવેલ છે કે, વાદીઓનાં પિતા મોહનભાઈ રત્નાભાઈ ગુજરી જતાં વાદીઓ તથા

તેમના માતુશ્રી તથા બહેનોની સંયુકત વારસાઈ નોંધ સરવે નં.૬૬ પૈકી તથા સરવે નં. –૩૯૧ ની જમીન સંયુકત નોંધ નં.૧૦૯૮ થી મંજુર થયેલી.વધુમાં જણાવેલ છે કે, પ્રતિ.નં.–૧ તથા મુળજી રત્નાના સંયુકત ખાતે આવેલ જમીનનાં ઘરમેળે મૌખિક રીતે ભાયોભાગ પાડતા પ્રતિ.નં.–૧ નાં ભાયાભાગે સરવે નં.–૬૬ પૈકી ૫ એકર ૨૪ ગુંઠા તથા સરવે નં.–૩૮૯ પૈકી ૧ એકર ૩ ગુંઠા જમીન આવેલી અને જે નોંધ નં.૧૨૨૬ મંજુર થયેલી.

વાદી જે હકીકત તેમના મૌખિક પુરાવા સ્વરુપે જણાવે છે તે હકીકતને વાદી તરફે રજુ આંક–૩૦ ની નોંધ નં.–૧૦૯૮ થી તેમજ નોંધ નં.–૧૨૨૬ થી સમર્થન મળે છે. આમ, રેકર્ડ પરનાં પુરાવાથી વાદી એ હકીકત પુરવાર કરવામાં સફળ રહે છે કે, હાલનાં વાદીઓ તેમના પિતા મોહન રત્નાનાં ગુજરી જવાથી દાવાવાળી મિલકતમાં વારસાઈ હકકે તેમના નામ દાખલ થયેલા.

(૧૪) વધુમાં વાદીએ જણાવેલ છે કે, વાદીઓ તથા તેમના માતુશ્રી અને બહેનોનાં સંયુકત નોંધ નં.–૧૦૯૮ થી નોંધ પડેલી અને ત્યારબાદ તેમની બહેનોએ સદરહુ સંયુકત ખાતામાંથી તેમનો હકક હિસ્સો રાજીખુશીથી ઉઠાવી લેતાં તેમનુ નામ સંયુકત ખાતામાંથી કમી કરવા અરજી કરતાં, વાદીઓ તથા તેમના માતુશ્રી રામુબેનનાં નામે સદરહુ જમીન કુલ એકર ૬–૨૪ ગુંઠા આવેલી જેની નોંધ ૧૬૩૬ થી મંજુર થયેલી.

વાદી જે હકીકત જણાવે છે તે હકીકતને વાદી તરફે આંક–૩૬ થી રજુ ગામ નમુના નં.–૬ હકકપત્રક નોંધ નં.૧૬૩૬ થી સમર્થન મળે છે. જેમાં વાદીની બહેનોએ ખાતાની મિલકતમાંથી હકક હિસ્સો ઉઠાવી લેતાં સરવે નં.–૬૬ પૈકી તથા ૩૯૧ ની ૬

એકર ૨૪ ગુંઠા જમીનમાં મનસુખભાઈ, દેવરાજભાઈ તથા અરવિંદભાઈ તથા તેમના રામુબેન મોહનભાઈનાં નામ દાખલ થયેલાનું જણાય આવે છે.

(૧૫) વધુમાં વાદી દેવરાજભાઈ મોહનભાઈએ તેમના આંક–૨૫ નાં પુરાવાના સોગંદનામામાં જણાવેલ છે કે, વાદીઓ તથા તેમના માતુશ્રીની સંયુકત જમીનમાંથી ઘરમેળે વહેંચણ કરતાં વાદીઓના સંયુકત ભાગે સરવે નં.–૬૬ પૈકી એકર ૪–૩૨ ગુંઠા જમીન આવેલી અને માતુશ્રી રામુબેનનાં ખાતે સરવે નં.–૩૯૧ એકર ૧ –૩૨ ગુંઠા જમીન આવેલી જેની નોંધ નં.–૧૬૩૮ થી મંજુર થયેલી.

આમ, વાદી જે મૌખિક પુરાવા સંબંધે હકીકત જણાવે છે તેને વાદી તરફે રજુ આં ક–૩૧ ની નોંધ નં.–૧૬૩૮ થી સમર્થન મળે છે. આમ, ઉપરોકત મૌખિક તથા દસ્તાવેજી પુરાવા ઘ્યાને લેતાં, હકક પત્રક નોંધ નં.૧૦,૫૦૭, ૧૦૯૮,૧૨૨૬,૧૬૩૬, ૧૬૩૮ વંચાણે લેતાં વાદી એ હકીકત પુરવાર કરવામાં સફળ રહે છે કે, સદર વાદગ્રસ્ત જમીન પક્ષકારોની વડીલોપાર્જીત મિલકત છે અને વારસો વચ્ચે સંમતિથી વાદગ્રસ્ત મિલકતની વહેંચણી થયેલી છે. જે જોતાં વાદી ***મુદૃા નં.–૧ પુરવાર કરવામાં સફળ રહેતા હોય જેનો જવાબ હકારમાં*** ઠરાવવામાં આવે છે.

<u>મુદૃા નં.–૨:–</u>

(૧૬) વાદી દેવરાજ મોહનભાઈએ તેમના આંક–૨૫ નાં પુરાવાના સોગંદ નામામાં જણાવેલ છે કે, પ્રતિ.નં.–૧ નાં હિસ્સે આવેલ જમીન સરવે નં.–૬૬ પૈકી ૩ હે.૨–૨૬–૬૩ ચો.મી. (એકર ૫–૨૪ ગુંઠા) જમીન આવેલી તે જમીન પ્રતિ.નં.–૧ નાએ પ્રતિ.નં.–૨ ને વેચાણ દસ્તાવેજથી તા. ૨૮–૪–૨૦૦૬ નાં રોજથી વેચાણ

આપેલી. આમ, પ્રતિ.નં.–૨ નાં સરવે નં.–૬૬/ પૈકી ૩ નાં માલિક બનેલા જેની નોંધ ૪૩૦૨ થી મંજુર થયેલી. પ્રતિ.નં.–૨ નાએ જમીન ખરીદી તે પહેલા વાદીને તેમની જમીન ઓછી હોવાની ખાતરી થતાં તેઓએ સને ૨૦૦૫ માં તેમની સરવે નં.–૬૬ /પૈકી ૫ એકર ૪–૩૨ ગુંઠા ની માપણી કરાવેલી અને તે આધારે હિસ્સા ફોર્મ તૈયાર થયેલું, પરંતુ માપણી મુજબ તેમના કબજામાં સ્થાનિકે હે.૧–૪૩–૬૬ પૂરતો જ કબજો રેકર્ડ ઉપર આવેલો અને પ્રતિવાદીઓએ વાદીની જમીનમાં એકર ૧–૦૯ ગુંઠા દબાણ કરેલ માલુમ પડેલું અને તે મુજબ પ્રતિવાદીઓએ વાદીની જમીનમાં ઉતરોતર એકર ૧ –૦૯ ગુંઠા જમીન દબાણ કરેલું છે અને તેમની મૌખિક દલીલોમાં જણાવેલ છે કે તેમ કરી ભાયોભાગની વહેંચણી દરમિયાન વાદીનાં હિસ્સે આવતી જમીન પ્રતિવાદીએ વહેંચેલ નહીં.

(૧૭) વાદી જે હકીકત જણાવે છે તે હકીકત અનુસંધાને રેકર્ડ પરનો દસ્તાવેજી પુરાવો ધ્યાને લેવામાં આવે તો, વાદી પક્ષે આંક–૨૯ થી રજુ નોંધ નં.૫૦૭ જોતાં વાદીનાં હિસ્સે દાવાવાળી મિલકત ભાયોભાગે આવેલી હોવાનું અને ત્યારબાદ આંક–૩૧ ધ્યાને લેતાં, નોંધ નં.૧૬૩૮ વંચાણે લેતાં બગડુ ગામનાં ખાતા નં.–૧૯૧ થી અને એન્ટ્રી નં.–૧૬૩૬ થી દેવરાજભાઈ તથા મનસુખભાઈ તથા અરવિંદભાઈ તથા રામુબેન મોહનભાઈનું સંયુકત ખેડખાતુ ચાલે છે જે તેમણે ઘરમેળે ઘરસમજુતીથી જમીનનાં કબજા મુજબ ખાતા જુદા કરવા જમીનની વહેંચણી કરતાં થયેલી નોંધ છે. જેમાં હાલનાં વાદીઓ દેવરાજભાઈ,મનસુખભાઈ તથા અરવિંદભાઈનાં ભાગે સરવે નં. –૬૬ પૈકી ૪ એકર તેમજ ખરાબાની ૩૨ ગુંઠા જમીન તેમજ તેમના માતુશ્રી રામુબેનનાં નામે સરવે નં.–૩૯૧ ની ૧ એકર ૩૦ ગુંઠા જમીન તેમજ ખરાબાની ૦–૦૨ ગુંઠા કુલ ૧ એકર ૩૨ ગુંઠા જમીન આવેલ હોવાનું જણાય આવે છે અને તેમાં સ્પષ્ટપણે કબજા

મુજબ ખાતા જુદા કરેલાનો ઉલ્લેખ છે ત્યારે વાદી એમ જણાવતાં હોય કે, પ્રતિવાદીઓ દવારા ભાયોભાગની વહેંચણી દરમિયાન તેમના હિસ્સા આવતી ક્ષેત્રફળ મુજબની જમીન પ્રતિવાદીએ વહેંચેલી ન હતી તો તે હકીકત પુરવાર કરવાની જવાબદારી વાદીનાં શીરે રહે છે, પરંતુ વાદી તરફે આ હકીકત પુરવાર કરવા કોઈ સમર્થ પુરાવો રજુ રાખવા નિષ્ફળ રહેલા છે. જે જોતાં વાદી મુદ્દા નં.–ર પુરવાર કરવામાં નિષ્ફળ રહેતા હોય ***મુદ્દા નં.–ર નો જવાબ નકારમાં*** ઠરાવવામાં આવે છે.

<u>મુદ્દા નં.–૩ :–</u>

(૧૮) સદર મુદ્દો પુરવાર કરવાની જવાબદારી પ્રતિવાદી પક્ષ ઉપર રહેલી છે. જે પુરવાર કરવા પ્રતિવાદી તરફે આંક–૯૯ થી ભાનુમતીબેન અમીનભાઈ કરકરે સોગંદ ઉપર પુરાવો રજુ કરેલો છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, વાદીએ રેવન્યુ રેકર્ડ રજુ કરેલા છે જેના રેવન્યુ રેકર્ડ ઘ્યાને લેવામાં આવે તો, વાદીઓના પિતા મોહનભાઈ તથા પ્રતિ. નં.–૧ ખીમાભાઈ રત્નાભાઈ વચ્ચે વહેંચણી કરી આપવામાં આવેલી તે જોતા જમીનના કબજામાં જો કોઈ વ્યકિતનાં ભાગમાં વધુ ઓછી જમીન થયેલી હોય તો તા.૧–૩–૧૯૬૦ થી નિયત મર્યાદામાં જમીનની માપણી કરાવવાની હતી, પરંતુ વાદી કે પ્રતિ.નં.–૧ નાએ આવી કોઈ માપણી કરાવેલી ન હોય હાલમાં ૪૮ વર્ષ કરતાં વધુ સમય બાદ દાવો દાખલ કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, પ્રતિ.નં.–૧ નાએ તેમના દાવા જવાબના પેરા–૬ માં પાના નં.–ર ઉપર સ્પષ્ટ કબુલ કરેલ છે કે, કાનુન માત્ર જાગૃતને જ મદદ કરે છે નહીં કે સુતેલાને વાદગ્રસ્ત સરવે નં.–૬૬ પૈકી દાવાની ખરાબાની એકર ૦–૩ર ગુંઠાનાં એડવર્સ પઝેસનથી માલિક બનેલા છે અને વાદગ્રસ્ત એકર ૦–૩ર ગુંઠા ખરાબાની જમીન પ્રતિ.નં.–૧નો કબજો છે તે વાદી

વર્ષોથી જાણતા હોવા છતા અગાઉ તેમની કયારેય જમીનની માંગણી કરેલી નથી અને આમ પ્રતિવાદી વિરુધ્ધનાં કબજાનાં કાયદાથી માલિક ઠરે છે તેવું જણાવેલ છે. જેની સામે વાદીએ તેમના આંક–૨૫ નાં પુરાવાના સોગંદનામામાં જણાવેલ છે કે, સને ૨૦૦૫ માં તેમની જમીન સરવે નં.૬૬ / પૈકી ૫ એકર ૪ –૩૨ ગુંઠાની માપણી કરાવેલી અને તેના આધારે હિસ્સા ફોર્મ તૈયાર થયેલ, પરંતુ માપણી મુજબ કબજામાં સ્થાનિકે હે.૧–૪૩–૬૬ પૂરતો જ કબજો રેકર્ડ ઉપર આવેલો. આમ, પ્રતિવાદીઓએ વાદીની જમીન ઉપર એકર ૧–૦૯ ગુંઠા દબાણ કરેલ માલુમ પડેલું. વધુમાં જણાવેલ છે કે, વાદીને તેમની જમીન ઘટતી હોવાની જાણ થતાં માપણી કરાવતા જમીન ઘટતી હોય કબજો મેળવવા દાવો કરેલો છે અને તેમાં પ્રતિ.નં.–૧ નાએ એડવર્સ પઝેસનની તકરાર લીધેલી છે, પરંતુ આ કબજો ગેરકાયદેસરનો હોય એડવર્સ પઝેસનથી કે અન્ય કોઈ રીતે વાદવાળી જમીનમાં માલિક બનતા નથી. આમ, પ્રતિવાદી જે હકીકત જણાવે છે તેનો વાદી ઈન્કાર કરે છે ત્યારે એડવર્સ પઝેસનથી પ્રતિવાદી માલિક બનેલા છે ત્યારે તે હકીકત પુરવાર કરવાની જવાબદારી પ્રતિવાદીની રહે છે.

એડવર્સ પઝેસનનાં રાઈટ એ પર્સનલ રાઈટ છે તે વેચાણ સાથે તબદીલ થઈ શકે નહીં. પ્રતિ.નં.–૧ દવારા એડવર્સ પઝેસનથી માલિક થયેલાનું જણાવે છે, પરંતુ તે સંબંધે તેઓએ કોઈ પુરાવો આપેલો નથી. આમ, પ્રતિ.નં.–૧ એડવર્સ પઝેસન પુરવાર કરી શકેલ નથી, જયારે પ્રતિ.નં.–૨ મિલકત વેચાણથી ખરીદનાર તરીકે હાલનાંદાવામાં પક્ષકાર છે ત્યારે તેઓ એડવર્સ પઝેસનનો રાઈટ કલેઈમ કરી શકતા નથી. કારણ કે વિરુધ્ધ નાં કબજાનાં અધિકારો એક વ્યકિત બીજી વ્યકિતને તબદીલ કરી શકતી નથી. વધુમાં માની લેવામાં આવે કે, પ્રતિ.નં.–૧ નો કબજો દાવાવાળી મિલકતમાં હતો

તો પણ તેઓ ભાયોભાગે મિલકતમાં હકક હિસ્સો ધરાવતા હોય જે તે સમયે તે મિલકતનાં કબજામાં આપસી સંમતિથી આવેલા હોય ત્યારે પરમીશીવ પઝેસન એડવર્સ પઝેસન બની શકે નહીં તે સિધ્ધાંતને ધ્યાને લેતા પણ પ્રતિવાદી પક્ષ એ હકીકત પુરવાર કરી શકતા નથી કે, સરવે નં.–૬૬ પૈકીની જમીન એકર ૫–૨૪ ગુંઠા ની તથા ખરાબો વીઘા ૧–૦૯ ગુંઠાના પ્રતિવાદી વિરુધ્ધનાં કબજાના કાયદાથી માલિક ઠરે છે. જેથી ***મુદ્દા નં.–૩ નો જવાબ નકારમાં*** ઠરાવવામાં આવે છે.

મુદ્દા નં.–૪ અને ૫ :–

(૧૯) સદર બંને મુદ્દા એકબીજા સાથે સંકળાયેલા હોય બંનેની સાથે ચર્ચા કરવામાં આવેલ છે.

(૨૦) વાદીએ તેમના આંક–૨૫ ના પુરાવાનાં સોગંદનામામાં જણાવેલ છે કે, પ્રતિ.નં.–૧ નાં હિસ્સે આવેલ જમીન સરવે નં.–૬૬ પૈકી ૩ હે.૨–૨૬–૬૩ ચો.મી. (એકર ૫–૨૪ ગુંઠા) જમીન પ્રતિ.નં.–૧ નાએ પ્રતિ.નં.–૨ ને વેચાણ દસ્તાવેજથી તા.૨૮–૪–૨૦૦૬ નાં રોજથી વેચાણ આપેલ. આમ, પ્રતિ.નં.–૨ નાં સરવે નં.૬૬ પૈકી ૩ નાં માલિક બનેલા જેની નોંધ ૪૩૦૨ થી મંજુર થયેલી. પ્રતિ.નં.–૨ નાએ જમીન ખરીદ કરી તે પહેલા વાદીને તેમની જમીન ઓછી હોવાની ખાતરી થતાં સને ૨૦૦૫ માં તેમની જમીન સરવે નં.૬૬ / પૈકી ૫ એકર ૪–૩૨ ગુંઠા ની માપણી કરાવેલી અને તેના આધારે હિસ્સા ફોર્મ તૈયાર કરેલું, પરંતુ માપણી મુજબ તેમના કબજામાં સ્થાનિકે હે.૧–૪૩–૬૬ પૂરતો જ કબજો રેકર્ડ ઉપર આવેલ. આમ, પ્રતિવાદીઓએ તેમની જમીનમાં એકર ૧–૦૯ ગુંઠા દબાણ કરેલાનું માલુમ પડેલુ જે દબાણ ઉતરોતર પ્રતિ.નં. –૧ તથા ૨ નાએ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, પ્રતિ.નં.–૧ નાં

ભાયોભાગે હે.૨–૨૬–૬૩ પૂરતી જમીન મળેલી અને પ્રતિ.નં.–૧ નાએ પ્રતિ.નં.–૨ ને સરવેનં.–૬૬ પૈકી ૩ હે.૨–૨૬–૬૩ પૂરતી જમીનનું વેચાણ કરેલ છે અને તે મુજબ દસ્તાવેજ પ્રતિ.નં.–૧ નાએ પ્રતિ.નં.–૨ ને કરી આપેલ છે અને આમ, પ્રતિવાદી ઓએ વાદીની જમીનમાં ૧ એકર ૦૯ ગુંઠા જમીનનું દબાણ કરેલ છે. જે જમીન પ્રતિવાદીનાં ગેરકાયદેસરના કબજામાં છે તેની જાણ વાદીને ૨૦૦૫ માં થતાં તેઓએ સરકારી સર્વેયર મારફત માપણી કરાવેલ જેમાં દબાણ થયેલાનું જાણવા મળેલ જેથી હાલનો દાવો કરેલો છે. આમ, વાદી તેમના આંક–૨૫ નાં મૌખિક પુરાવામાં તેમની જમીનમા પ્રતિવાદીઓએ ૧ એકર ૦૯ ગુંઠાનું દબાણ કરેલાનું જણાવે છે. પ્રતિવાદી પક્ષે વાદીની ઉલટતપાસ કરવામાં આવેલી છે જેમાં વાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલો છે કે, ખીમાભાઈ રત્નાભાઈએ તેમની સરવે નં.–૬૬/૩ ની અમીતભાઈને વેચાણ આપેલી. તેમજ એ હકીકતનો પણ સ્વીકાર કરેલો છે કે, ખીમાભાઈ પાસે જમીનનો જેટલો કબજો હતો તેટલી જમીન તેમણે અમીતભાઈને સોંપેલી. વધુમાં તેઓએ સ્વીકાર કરેલો છે કે, સરવે નં.–૬૬/૩ ની જમીનની તેઓએ ખાનગી સર્વેયર મારફતે માપણી કરાવેલી અને આ માપણી કરાવેલ હોય તેવા કોઈ દસ્તાવેજો કોર્ટમાં રજુ રાખેલા નથી. આમ, વાદીની ઉલટતપાસ દરમિયાન સરવે નુ.–૬૬/૩ ની માપણી થયાના કોઈ દસ્તાવેજ રજુ ન કરેલાનુ રેકર્ડ ઉપર આવે છે અને ખીમાભાઈએ તેમની પાસે જે જમીનનો કબજો હતો તે જ જમીન પ્રતિ.નં.–૨ ને વેચાણ આપેલાનું રેકર્ડ ઉપર આવે છે.

(૨૧) વાદીએ દાવાવાળી મિલકત ઉપર પ્રતિવાદીનો ગેરકાયદેસરનો કબજો પુરવાર કરવા આંક–૫૧ થી સાહેદ જેઠાભાઈ આલાભાઈ કરંગીયા, સર્વેયર, ડી.આઈ.એલ.આર. કચેરી, જુનાગઢનાઓને તપાસેલા છે. જેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, વર્ષ–૨૦૦૫ માં તેઓ જુનાગઢ ડી.આઈ.એલ.આર. કચેરીમાં

રીઝર્વ સર્વેયર તરીકે ફરજ બજાવતા હતા અને આ સમય દરમિયાન બગડુ સરવે નં. –૬૬/૧ ની પૈકીની માપણી કરેલી અને તેઓ આ સરવે નંબરની માપણી કરવા ગયેલા ત્યારે સરવે નં.–૬૬ ની ટીપ્પણ લઈને ગયેલા. તેમજ તે સરવે નંબરનાં ૭/૧૨, ૮(અ) લઈ ગયેલા માપણી કરેલી જેનું કુલ ક્ષેત્રફળ ૧–૯૪–૨૫ ૭/૧૨ માં લખાયેલ હતુ અને તેઓએ માપણી કરી ત્યારે જે તે સ્થિતિનો કબજો ૧–૪૩–૬૬ હતો અને ૭/૧૨ માં દર્શાવેલ ક્ષેત્રફળ સુસંગત ન હતા અને આંક–૩૬ ની માપણી શીટ તેઓએ તૈયાર કરેલાનું જણાવેલ છે. સદર વાદી સાહેદની પ્રતિવાદી પક્ષે ઉલટતપાસ કરવામાં આવેલી છે જે મહત્વની હોય ધ્યાને લેવામાં આવે તો, તેઓને ટીપ્પણ કઈ સાલમાં તૈયાર થયેલુ તે ખબર ન હોવાનું જણાવે છે. વધુમાં એ હકીકતનો તેઓએ સ્વીકાર કરેલ છે કે, જે માપણી તેઓએ કરેલી છે તે સરવે નં.–૬૬/૧ પૈકીની કરેલી છે અને ૧ પૈકીમાંથી પણ ભાગ પડેલા હોય ત્યારે તેમાં પૈકી શબ્દ આવે. આંક –૩૬ વાળી માપણી શીટ જોઈને સાહેદ જણાવે છે કે તેમાં સમજુતીનાં ક્રમ ૩ પર પુરવણી પત્રક નં.૭ થી સરવે ન.૬૬ માં રેકર્ડમાં દુરસ્તી થતાં પોત–૧ તથા ૨ થયેલ છે અને તેમના મત મુજબ સરવે ન.–૬૬ નાં બે ભાગ થયેલા છે. વધુમાં તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેઓએ સરવે નં.૬૬ /૩ ની માપણી કરેલી નથી. વધુમાં પ્રતિવાદી પક્ષ સદર સાહેદની ઉલટતપાસ દરમિયાન એ હકીકત રેકર્ડ ઉપર લાવવામાં સફળ રહેલા છે જેમાં સદર સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલો છે કે, આંક–૩૬ વાળી માપણી શીટમાં કોઈ સરવે નંબરમાં ક્ષેત્રફળમાં વધઘટ થયેલી હોય તેની કોઈ નોંધ સમજુતીમાં લખવામાં આવેલી નથી. તેમજ એ હકીકતનો પણ સ્વીકાર કરેલો છે કે સામાન્ય રીતે માપણી કરીએ ત્યારે કોઈ દબાણ હોય તો તે દર્શાવી તેની નોંધ તથા માપ માપણશીટમા કરતાં હોઈએ છીએ. વધુમાં એ હકીકતનો પણ સ્વીકાર

કેરલો છે કે, આંક–૩૬ ના માપણીશીટમાં સરવે નં.–૬૬/પૈકી૧ માં કોઈ દબાણ થયેલ હોય તેવી કોઈ નોંધ થયેલ નથી. આમ, સદર સાહેદની ઉલટતપાસમાં પ્રતિવાદી પક્ષ એ હકીકત રેકર્ડ ઉપર લાવવામાં સફળ રહે છે કે, માપણીશીટમાં કોઈ સરવે નંબર ના ક્ષેત્રફળમાં વધઘટ થયેલી હોય તો તેની કોઈ નોંધ સમજુતીમા લખવામાં આવેલી નથી. માપણી શીટમાં સરવે ન.–૬૬/૧ પૈકીમા કોઈ દબાણ થયેલુ હોય તેવી નોંધ નથી. તેમજ દબાણ થયેલ હોય તો તે માપણીશીટમાં દર્શાવતા હોય પરંતુ આવું પણ કોઈ દબાણ રેકર્ડ પર આવતું નથી. આમ, સદર સાહેદની જુબાનીથી વાદી પક્ષને મદદકર્તા કોઈ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. વાદી એ હકીકત પુરવાર કરી શકતા નથી કે તેમની દાવાવાળી મિલકતમાં પ્રતિ.નં.–૧ દવારા દબાણ કરવામાં આવેલુ હતું.

(૨૨) વાદી પક્ષે રજુ આંક–૩૬ વાળુ માપણીશીટ ધ્યાને લેતાં, ચોકકસ કયા સરવે નંબરમાં દબાણ થયેલું છે તે ફલિત થતું નથી. વધુમાં વાદી પક્ષે આંક–૩૩ થી હિસ્સા ફોર્મ નં.–૪ રજુ રાખેલુ છે જેમાં તેમના સરવે નં.–૬૬/૧ નું ક્ષેત્રફળ ૨–૨૦–૫૫ ની જગ્યાએ કબજા મુજબ માપણી કરતાં ક્ષેત્રફળ ૧–૪૩–૬૬ માલુમ પડેલુ છે, પરંતુ વાદીની જમીનમાં જે દબાણ છે તે કોણે કરેલ છે તે રેકર્ડ ઉપર આવતું નથી.

(૨૩) વધુમાં કોર્ટ કમિશ્નર અને તાલુકા સર્વેયર પી.એમ. લગધરીયાએ આં ક–૬૮ થી નામ.કોર્ટનાં હુકમ અન્વયે માપણી કરી રોજકામ તથા માપણી શીટ રજુ રાખેલી છે જે હાલનાં કામે નિશાની–૬૮/૧ તથા ૬૮/૨ થી રજુ છે. બંને દસ્તાવેજો પુરાવામાં વંચાણે લેવા યોગ્ય જણાતા હોય કોર્ટનાં હુકમ પ્રમાણે માપણી થઈ રજુ

થયેલા હોય કોર્ટથી આંક આપવા હુકમ કરવામાં આવે છે. સદર માર્ક–૬૮/૧ વંચાણે લેવામાં આવે તો તે રોજકામ આંક–૧૧૮ વંચાણે લેતાં, પંચનામુ પંચોની હાજરીમાં થયેલાનું જણાવેલુ છે અને આંક–૧૧૯ ની માપણી શીટ ધ્યાને લેતા તેમાં સરવે નં. –૬૬/પૈકી એટલે કે પ્રતિ.નં.–૨ નાએ વેચાણ રાખેલી જમીનમાં હે.૨–૫૫–૯૯ હોવાનું દર્શાવેલું છે. જે માપણી શીટ ઉપર આધાર રાખી વાદીએ તેમની આંક–૧૧૬ ની લેખિતમાં દલીલમાં જણાવેલ છે કે, પ્રતિ.નં.–૨ નાએ આક–૬૩ થી ફેરમાપણીની અરજી આપતા જે અંગે આ કામનાં આંક–૬૭ થી માપણી શીટ રજુ થયેલી છે જે અંગે માપણી શીટ અંગે પોતે જ માપણી કરાવેલી છે તે અંગે આક–૭૦ થી લુલા બચાવ લીધેલા છે. હવે આંક–૧૧૯ ની માપણી શીટ ઉપર આધાર રાખે છે ત્યારે સદર દસ્તાવેજની ગ્રાહ્યતા બાબતે ચર્ચા કરવી આવશ્યક રહે છે.

(૨૪) પ્રતિવાદી દવારા આંક–૭૦ થી આંક–૬૮ થી રજુ કરેલા દસ્તાવેજો પૈકી માપણી શીટ આંક–૧૧૯ સામે વાંધા રજુ રાખેલા છે અને જેમાં પ્રતિવાદીએ જણાવેલ છે કે, કોર્ટ કમિશ્નરની નિમણૂંક આ કામનાં પ્રતિવાદીઓ, પ્રતિ.નં.–૨ ની માલિકી કબજાની જમીનની ચોકકસ માપણી કરી રેવન્યુ રેકર્ડ મુજબ દર્શાવેલ ક્ષેત્રફળ મુજબની જમીનની માપણીનાં હદ નિશાન કરી વધારે ઓછા કબજાની માપણી કરી તે અંગેનો નકશો બનાવવા રીપોર્ટ કરવા નિમણૂંક કરેલી અને તેઓએ રજુ કરેલો નકશો જોવામાં આવે તો, તેમાં પૂર્વ–પશ્ચિમ, ઉતર–દક્ષિણ તથા સાચા ખૂણાના કોઈ ચોકકસ માપ લખેલા નથી. નામ.અદાલતના હુકમ મુજબ રેવન્યુ રેકર્ડ મુજબ અને સ્થાનિક કબજા મુજબનાં કોઈ જ માપણી કોઈ જ હદ નિશાન કરેલા નથી. આમ, પ્રતિ.નં.–૨ દવારા આંક–૧૧૯ ની માપણીનાં વાંધા લેવામાં આવેલા છે. આ તબકકે ***નામદાર બોમ્બે હાઈકોર્ટનાં ઉષાબાઈ વાઈફ ઓફ શરદચંદ બન્નોર–વિ.–વાસુદેવ સન ઓફ***

બલીરામજી મહારે રીપોર્ટેડ ઈન ૨૦૦૩(૦) એઆઈજેઈએલ–એમએચ ૧૨૮૪૭૯ નાં ચૂકાદાનો રેફરન્સ લેવામાં આવે તો તેના પેરા–પ તથા ૬ મહત્વનાં છે જે નીચે મુજબ છે :–

> ***5. Section 83 of the Indian Evidence Act, 1872 lays down that the Court shall presume that the maps or plans purporting to be made by the authority of the Central Govt. or any State Govt. were so made and are accurate; but maps or plans made for the purpose of any cause must be proved to be accurate.***
>
> ***6. Bare reading of the aforesaid provision would reveal that the maps or plans made for the purpose of any cause must be proved to be accurate. The onus of proving that such a map is accurate lies on the party who produced it. The maps must be proved by the person who has prepared them. They are post litem motesa and lack necessary trustworthiness. Where the maps are made for the purpose of a suit there is, even apart from fraud which may exist, a tendency to colour, exaggerate and favour which can only be countenanced by swearing the maker to the trust of his plan. Hence, there is no presumption of accuracy in respect of the map or plan which is made for a particular cause and it goes without saying that a map prepared for the purpose of a particular suit must, therefore, be duly proved and it is not admissible in evidence in absence of proof of its accuracy. In any case, in which there is a dispute about an encroachment or dimension of a site, the rst essential is to get an agreed map and if the parties cannot agree on one, a Commissioner must be appointed to prepare the same and/or subsequent reference in the pleadings or judgement to place the mark on a map should be referred to this map which must be attached to the decree and signed by the Judge. In the absence of such a map, the decree***

is probably meaningless and execution means virtually starting the case over all again. The map should be drawn with the North at the top and letters marking points should not be put in side ways or upside down.

ઉપરોકત પેરામાં સ્પષ્ટપણે નામ.બોમ્બે હાઈકોર્ટે ઠરાવેલું છે કે, કોઈપણ મેપ કે નકશો કોઈ હકીકત પુરવાર કરવા માટે રજુ થાય ત્યારે તેની એકયુરસી સાબિત થવી આવશ્યક છે અને આ નકશો કે મેપ પુરવાર કરવાની જવાબદારી તેને રજુ કરનાર પક્ષ ઉપર રહે છે અને આવો મેપ કે નકશો જેના દવારા તે તૈયાર કરવામા આવેલો હોય તે વ્યકિત દવારા સાબિત થવો જોઈએ. આવા સંજોગો માં જયારે પ્રતિ.નં.–ર દવારા આંક–૧૧૯ નાં નકશા સામે વાંધા લીધેલા છે ત્યારે આ નકશો પુરવાર કરવાની તથા તે તૈયાર કરનાર કોર્ટ કમિશ્નરને કોર્ટ રુબરુ તપાસી સાબિત કરવાની જવાબદારીનો બોજો વાદી પક્ષ ઉપર રહેલો હોય વાદી દબાણ થયેલાનું પુરવાર કરવા કોર્ટ કમિશ્નરશ્રી પી.એમ. લગધરીચાને તપાસી આ માપણીશીટ પુરવાર કરવાની જવાબદારી વાદીની રહેલી હતી, પરંતુ વાદી પોતાની જવાબદારીના બોજાનું વહન કરવામાં નિષ્ફળ રહેલા છે.

(૨૫) વધુમાં આ તબકકે ***નામ.સર્વોચ્ચ અદાલતનાં રામકીશોર સેન–વિ.–યુનિયન ઓફ ઈન્ડીયા રીપોર્ટેડ ઈન ૧૯૬૫ (૦) એઆઈજેઈએલ–એસસી ૨૩૧૦૬*** નાં ચૂકાદાનો રેફરન્સ લેવામાં આવે તો,તેના રીલેવન્ટ પેરા–૧૧ થી ૧૩ નીચે મુજબ છે :–

11. The question about the admissibility of the map has to be considered in the light of sec. 36 of the Evidence Act. The said section provides that :-

"Statements of facts in issue or relevant facts, made in published maps or charts generally offered for public sale, or in maps or plans made under the authority of the Central Government or any State Government, as to matters usually represented or stated in such maps, charts or places, are themselves relevant facts."

The map in question clearly does not fall under the latter category of maps; and so, before it is treated as relevant, it must be shown that it was generally offered for public sale. Since the learned Judge has rejected the statement of Mr. Gupta on this point, this requirement is not satisfied. We see no reason why view taken by the learned Judge in regard to the credibility of Mr. Gupta's affidavit should be reversed. So, it follows that without proof of the fact that the maps of the kind produced by the appellants were generally offered for public sale, Ex. A-1 would be irrelevant.

12. It is true that S. 83 of the Evidence Act provides that the Court shall presume that maps or plans purporting to be made by the authority of the Central Government or any State Government were so made, and are accurate; but maps or plans made for the purpose of any cause must be proved to be accurate. The presumption of accuracy can thus be drawn only in favour of maps which satisfy the requirements prescribed by the first part of S. 83. Exhibit A-1 obviously does not fall under the category of the said maps, and so, there can be no question of drawing any presumption in favour of the accuracy of the said map. In fact, as we have already indicated, the learned Judge has given very good reasons, for showing that the map does not appear to be accurate. Therefore, even if the map is held to be relevant its accuracy is not at all established; that is the conclusion of the learned Judge and Mr. Mukerjee has given us no satisfactory reasons for differing from the said conclusion.

> ***13. Mr. Mukerjee then contended that in the present case, it should be held that on the allegations made by the appellants and on the evidence such as they have produced, the onus to prove that the relevant portion of the Amendment Act was capable of implementation, had shifted to the respondents. He argues that the location of different villages in different Thanas is a matter within the special knowledge of the respondents, and u/s. 106 of the Evidence Act, they should be required to prove the relevant fact by leading adequate evidence. He also attempted to argue that the respondents had deliberately suppressed material evidence from the Court.***

ઉપરોકત ચૂકાદામાં નામ.સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે, ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૮૩ પ્રમાણે કોર્ટ મેપ કે નકશા બાબતે અનુમાન કરી શકે છે, જયારે તે નકશા સેન્ટ્રલ ગવર્મેન્ટ કે રાજય સરકાર દવારા બનાવવામાં આવેલા હોય અને તે એકયુરેટ હોય, પરંતુ જયારે કોઈ મેપ કોઈ પરપઝ માટે બનાવવામાં આવેલા હોય તો તેની એકયુરસી સાબિત થવી જોઈએ. હાલનાં કીસ્સામાં પણ આંક–૧૧૯ વાળા માપણી શીટ સામે પ્રતિવાદી પક્ષે આંક–૭૦ થી વાંધા રજુ રાખી તેની એકયુરસી સામે વાંધા ઉઠાવેલા છે ત્યારે તે પુરવાર કરવાની જવાબદારી વાદી પક્ષની હતી તેમછતા વાદી પક્ષે મહત્વનાં સાક્ષી એવા કોર્ટ કમિશ્નરને તપાસેલા નથી. તેમજ તે સિવાય પણ વાદી પક્ષે પ્રતિ.નં.–ર દવારા કોઈ દબાણ કરેલું હોય કે પ્રતિ.નં.–૧ નાએ કરેલું દબાણ ઉતરોતર પ્રતિ.નં.–ર દવારા કરવામાં આવેલું હોય તેવો કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં નિષ્ફળ રહેલા હોય વાદી એ હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ રહે છે કે, પ્રતિ.નં.–ર નાએ દાવાવાળી મિલકતમાં દબાણ કરેલું છે. જે જોતાં વાદીનો દાવો કાયદેસર રીતે ટકવાપાત્ર ન હોય ***મુદ્દા નં.–૪ નો જવાબ નકારમાં***

ઠરાવવામાં આવે છે, તેમજ વાદી મુદ્દા નં.–૨ તથા ૪ પુરવાર કરવામાં નિષ્ફળ રહેતાં હોય વાદી માંગ્યા મુજબની કોઈ દાદ મેળવવા હકકદાર રહેતાં ન હોય ***મુદ્દા નં. –૫ નો જવાબ નકારમાં*** ઠરાવી મુદ્દા નં.–૬ પરત્વે ન્યાયનાં હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

–:: હુકમ ::–

(૧) આથી વાદીનો હાલનો દાવો નામંજુર યાને રદ કરવામાં આવે છે.

(૨) વાદીઓએ પોતાનો તથા પ્રતિવાદીઓનો દાવાનો ખર્ચ ભોગવવો.

(૩) બેંચ કલાર્કશ્રીએ નિશાની–૬૮/૧ અને ૬૮/૨ ને આંક આપી તે સંબંધે રોજકામ કરવું.

(૪) હુકમ મુજબ હુકમનામું દોરવું.

(૫) અપિલ પીરીયડ પૂર્ણ થયેથી સદર કેસનું જરુરી વર્ગીકરણ કરી ફાઈલને રેકર્ડ રુમમાં મોકલી આપવી.

હુકમ આજ તારીખ **૨૭ મી,** માહે **માર્ચ** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ : જુનાગઢ.
તારીખ : ૨૭/૦૩/૨૦૨૬.

(ગૌરવકુમાર સોમાભાઈ દરજી)
બીજા અધીક સીનીયર સીવીલ જજ,
જુનાગઢ.
(GJ-01475)